અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૧૨
વર્ષ : ૧૬
અંક : ૧૯૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮



ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com



RNI Reg. No. GUJGUJ/2009/28886


# ચાઈનીઝ જ નહીં કાચવાળા પાઉડરથી રંગેલી દોરી પણ પ્રતિબંધિત છે : હાઈકોર્ટ

## હાઈકોર્ટના નિર્દેશે બાદ પોલીસ દ્વારા કાચ પાઉડર દ્વારા રંગાયેલી દોરીના ઉત્પાદન, ખરીદ-વેચાણ તથા ઉપયોગ સામે કાર્યવાહી કરવામાં આવી શકે



### સૌથી વધુ ૪૫૧થી વધુ ફરિયાદો તો એકલા અમદાવાદમાં જ નોંધાઇ

**જેની સામે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન ૧૮૮૨ આરોપીઓ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન ૨૪૩ આરોપીઓની ધરપકડ સાથે કુલ ૨૧૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એકલા અમદાવાદમાંથી જ ૩૭૧થી વધુ આરોપીઓ પકડાયા છે.જાહેરહિતની રિટમાં એડવોકેટ નિમિષ કાપડિયાએ ગંભીર સવાલ ઉઠાવ્યો છે કે, પોલીસ ઓથોરીટી અને સરકારના સત્તાવાળાઓ ચાઇનીઝ, નાયલોન દોરી અને તુક્કલ સામે કાર્યવાહી કરી રહી છે પરંતુ ગ્લાસકોટેડ દોરીને લઇ કાર્યવાહી કરવામાં કેમ ઉણા ઉતર્યા છે ? કે જ્યારે ખુદ ગુજરાત હાઇકોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પણ તેના ચુકાદામા ચાઇનીઝ, નાયલોન દોરીની સાથે સાથે ગ્લાકોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ પર સ્પષ્ટ પ્રતિબંધ ફરમાવેલો છે ત્યારે ગ્લાસકોટેડ દોરીને લઇ કાર્યવાહીના કોઇ નક્કર આંકડા રજૂ થયા નથી.**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પતંગરસિયાઓ પતંગ-દોરી અને જરૂરી દરેક વસ્તુની ખરીદી કરી ચૂક્યા છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે ચાઈનીઝ દોરી કેસમાં સુનાવણી વખતે કહ્યું કે રાજ્યમાં માત્ર ચાઈનીઝ દોરી જ નહીં પણ કાચવાળો પાઉડર ચઢાવીને વેચાતી દોરી ઉપર પણ પ્રતિબંધ જ છે. ઉલ્લેખનીય છે કે કોટનની દોરીને કાચના પાઉડરથી તૈયાર કરેલી લુગદી દ્વારા રંગ ચઢાવવામાં આવે છે અને ધારદાર બનાવવામાં આવે છે. ત્યારે આ મામલે હાઈકોર્ટે સરકારી તંત્રને કડક શબ્દોમાં કહ્યું છે કે આ મામલે પણ કડક કાર્યવાહી કરવામાં આવે. ગુજરાત હાઈકોર્ટના નિર્દેશે બાદ પોલીસ દ્વારા કાચ પાઉડર દ્વારા રંગાયેલી દોરીના ઉત્પાદન, ખરીદ-વેચાણ તથા ઉપયોગ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે. સરકારપક્ષ તરફથી સોગંદનામામાં જણાવ્યા મુજબ, ઉતરાયણના ૨૦૨૫ના તહેવારને લઈ ચાઈનીઝ, નાયલોન કે પ્લાસ્ટીક કોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને લઈ ગૃહવિભાગ દ્વારા જરૂરી જાહેરનામું પણ ૨૪ ડિસેમ્બરના ૨૦૨૪ના રોજ જારી કરી દેવાયું હતું અને તેના અનુસંધાનમાં રાજયના તમામ જિલ્લા-તાલુકા કક્ષાએ પોલીસ દ્વારા પણ જરૂરી પરિપત્ર જારી કરી તેની અમલવારી શરૂ કરી દેવાઈ છે. સરકાર તરફથી આંકડા રજૂ કરતાં જણાવાયું કે, ચાઈનીઝ, નાયલોન કે પ્લાસ્ટીક કોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ સંબંધી ગુનાઓને લઈ ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન અમદાવાદ સહિત રાજયભરમાં કુલ ૨૧૫૫ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી કુલ ૧૪૮ ફરિયાદો મળી, બે વર્ષમાં કુલ ૨૩૦૩ ફરિયાદો નોંધવામાં આવી છે.

**સુપ્રીમ કોર્ટે રોક લગાવી સરકાર પાસે રિપોર્ટ માગ્યો**

## સંભલમાં જામા મસ્જિદ નજીકના કૂવા પર પૂજા નહીં કરી શકાય

। (એજન્સી) સંભલ, તા.૧૦ ।

સુપ્રીમ કોર્ટે સંભલમાં જામા મસ્જિદ પાસેના કૂવાને હરિ મંદિરનો કૂવો કહેવા અને પૂજાની મંજૂરી આપવાના નગર પાલિકાના નોટિફિકેશન પર રોક લગાવી દીધી છે. જોકે, કોર્ટે એવું પણ સ્પષ્ટ કર્યું કે, મસ્જિદ સિવાય બીજા લોકો પણ કૂવાનો ઉપયોગ કરી શકે છે, તેના પર કોઈ રોક લગાવવામાં નથી આવી. આ સિવાય સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. આ મામલે આગળની સુનાવણી ૨૧ ફેબ્રુઆરીએ થશે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ સંજય કુમારની ખંડપીઠે નિર્દેશ કર્યો કે, મંજૂરી વિના કૂવાના સંબંધિત કોઈ પગલું લેવામાં નહીં આવે. આ સાથે જ અધિકારીઓને બે અઠવાડિયાની અંદર સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ કર્યો છે. શાહી જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટીએ દાખલ કરેલી અરજીમાં સંભલ સિનિયર ડિવિઝન સિવિલ જજે ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના આદેશને ચેલેન્જ કરવામાં આવ્યો હતો. જેમાં મસ્જિદના સર્વેક્ષણને લઈને એડવોકેટ કમિશનરની નિયુક્તિની મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે એવો તર્ક આપવામાં આવ્યો હતો કે, સર્વેક્ષણના કારણે હિંસા અને જાનહાનિ થઈ છે. જેના કારણે સુપ્રીમ કોર્ટે તત્કાલ હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

## પરફ્યૂમની બોટલથી પણ થઈ શકે છે બ્લાસ્ટ

। (એજન્સી) પાલઘર, તા.૧૦ ।

પરફ્યૂમની સુંગધ દરેક લોકોને આકર્ષિત કરે છે, પરંતુ ક્યારેક ક્યારેક આ શોખ ભારે પડી શકે છે. મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના નાલા સોપારા વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક પરિવાર માટે આ શોખ મોટી દુર્ઘટનાનું કારણ બની ગયો. જોકે, આ પરિવાર શોખ સિવાય કંઈક બીજું કરતો જણાયો હતો. કદાચ એટલા માટે દુર્ઘટના બની. ઘટના બની એવી કે પરફ્યૂમની બાતલોની એક્સપાયરી ડેટ બદલવાની કોશિશમાં તેમના ફ્લેટમાં વિસ્ફોટ થઈ ગયો, જેના કારણે પરિવારના ચાર સભ્ય ઘાયલ થઈ ગયા.

**૫૦ લાખ ભક્તોને ભોજન આપશે**

## મહાકુંભમાં અદાણી ગ્રુપ અને ઈસ્કોન મહાપ્રસાદ શરૂ કરશે

**મહાપ્રસાદ સેવા ૧૩મીથી ૨૬ ફેબ્રુઆરી સુધી મહાકુંભ મેળા દરમ્યાન આ પ્રસાદી આપવામાં આવશે**

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૦ ।

અદાણી ગ્રુપ અને ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા કોન્શિયસનેસ (ઈસ્કોન)એ પ્રયાગરાજમાં મહાકંભ મેળો ૨૦૨૫માં શ્રદ્ધાળુઓને ભોજન પિરસવા માટે હાથ મિલાવ્યો છે. બંને સંસ્થાઓ તરફથી આ મહાપ્રસાદ સેવા ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી મહાકુંભ મેળા દરમ્યાન આ પ્રસાદી આપવામાં આવશે. ગત ગુરુવારે આ પહેલ માટે ઈસ્કોનને ધન્યવાદ આપવા, અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણીએ ઈસ્કોન ગવર્નિંગ બોડી કમીશનના અધ્યક્ષ ગુરુ પ્રસાદ સ્વામી સાથે મુલાકાત કરી. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, મહાપ્રસાદ સેવાની રજૂઆતમાં ઈસ્કોનના સમર્થન વિશે વાત કરતા અદાણીએ કહ્યું કે, કુંભ સેવાનું એક પવિત્ર સ્થાન છે. જ્યાં દરેક ભક્ત ભગવાનની સેવાના નામ પર જોડાય છે.

આ મારુ સૌભાગ્ય છે કે અમે ઈસ્કોનના સહયોગથી મહાકુંભમાં ભક્તો માટે મહાપ્રસાદ સેવા શરુ કરી રહ્યા છીએ. માં અન્નપૂર્ણાના આશીર્વાદથી, લાખો ભક્તોને મફતમાં ભોજન મળશે. આજે અમે ઈસ્કોનના ગુરુ પ્રસાદ સ્વામીજી સાથે મળવાનો અવસર મળ્યો અને મેં સેવા પ્રત્યે સમર્પણની શક્તિનો ઊંડાણથી અનુભવ કર્યો. સાચા અર્થમાં સેવા દેશભક્તિનું સર્વોચ્ચ રુપ છે. સેવા જ ધ્યાન છે, સેવા જ પ્રાર્થના છે અને સેવા જ ઈશ્વર છે. આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવના મૃત સંઘના પ્રમુખ પ્રચારકોમાંથી એક ગુરુ પ્રસાદ સ્વામીએ કહ્યું કે, અદાણી ગ્રુપ હંમેશાથી કોર્પોરેટ જવાબદારી અને સમાજ સેવાનું એક શાનદાર ઉદાહરણ રહ્યું છે. ગૌતમ અદાણીજીને જે વસ્તુ સૌથી અલગ બનાવે છે, તે છે તેમની વિન્રમતા- તેઓ ક્યારેય બોલાવાની રાહ જોતા નથી, પણ નિસ્વાર્થથી સેવા કરવા માટે આગળ આવે છે. અમે તેમના યોગદાન માટે ખૂબ જ આભારી છીએ.

## કર્તવ્ય પથ ઉપર ૧૦ હજાર વિશેષ અતિથિઓ હાજર રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કર્તવ્ય પથ પર ૭૬માં ગણતંત્ર દિવસ સમારંભની પરેડ જોવા માટે પૈરાલિંપિક દળના સભ્યો, શાનદાર પ્રદર્શન કરનારા ગામડાના સરપંચ, હસ્તકલાના કારીગરો અને વન અને વન્યજીવ સંરક્ષણ કાર્યકર્તા સહિત લગભગ ૧૦,૦૦૦ ખાસ અતિથિઓને આમંત્રિત કર્યા છે. રક્ષા મંત્રાલયના એક નિવેદન અનુસાર, વિવિધ પૃષ્ઠભૂમિવાળા સ્વર્ણિમ ભારતના આ નિર્માતાઓમાં વિવિધ ક્ષેત્રમાંથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા અને સરકારની યોજનાઓને સર્વોત્તમ ઉપયોગ કરનારા લોકો સામેલ છે. રાષ્ટ્રીય મહત્વના આયોજનમાં જનભાગીદારી વધારવાના ઉદ્દેશ્યથી લગભગ દસ હજાર વિશેષ અતિથિઓને ગણતંત્ર દિવસ પરેડ જોવા માટે નિમંત્રણ મોકલવામાં આવ્યું છે.

મંત્રાલયે જણાવ્યું છે કે, આ વિશેષ અતિથિઓને વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવ્યા છે. તેમાંથી ૩૧ શ્રેણી સામેલ છે.






### જાહેર નોટીસ

આદર્શ કો.ઓ બેન્ક દ્વારા અમારા અસીલો શ્રી અલ્કેશ વૈષ્ણવ તથા શ્રી ભરત વૈષ્ણવ વિરુદ્ધ કોમ એકઝી. પીટીશન નં. ૨૧/૨૨માં તથા ૨૨/૨૨માં રજુ કરવામાં આવેલ આર્બીટ્રલ એવોર્ડસ તા.૧૦/૧૨/૨૦૧૮ ઉપર કોઈ સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં આવી ન હતી. તે કારણે તેઓએ તત્કાલીન જજીસ શ્રીમતી એસ. પી. દુલેરા, કુ. આર.વી. રાજે તથા શ્રી એન.જી. દવે સમક્ષ આ એવોર્ડસને જપ્ત કરવા રજુઆત કરી હતી. આ જજીસ દ્વારા સરકારી તિજોરીને આમ નુકશાન થતુ અટકાવવા કોઈ પ્રયત્ન ન થતા અને બેન્કને લાભ કરી આપવામાં આવતા, અમારા અસીલોએ તેઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ હેઠળના ગુનાઓ માટે કામ ચલાવવા, તત્કાલીન પ્રીન્સીપલ જજ, શ્રી પી. એસ. ગઢવી સમક્ષ તા.૧/૬/૨૦૨૩ના રોજ ફરીયાદ પી.એચ. નં. /૨/૨૩ અને પી.એચ. નં. ૩/૨૩ કરેલ હતી. આ ફરીયાદો ઉપર કાયદાનુસાર કાર્યવાહી કરવાને બદલે શ્રી ગઢવીએ અમારા વિરુદ્ધ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને તા.૨૩/૬/૨૩ના રોજ ફરીયાદ કરતા કાઉન્સીલે અમારી વિરુદ્ધ કેસ નં. ૨૩/૨૦૨૩ નોંધીને સ્પેશીયલ ડીસીપ્લીનરી કમિટિને કાર્યવાહી કરવા જણાવ્યું હતું. આ દરમ્યાન અમારા અસીલ શ્રી અલ્કેશ વૈષ્ણવે સરકારની તિજોરીને નુકશાન કરવા બદલ શ્રી ગઢવી, શ્રીમતી દુલેરા, કુ. રાજે તથા શ્રી દવે વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનાઓ માટે અમદાવાદની સીટી સીવીલ અને સેશન્સ કોર્ટમાં ફરીયાદ ઈન્કવા નં.૨/૨૪ કરેલ હતી જે હાલમાં પડતર છે. આ ફરીયાદની જાણ સ્પેશીયલ ડીસી. કમિટિના ચેરમને શ્રી સી.કે. પટેલ તથા સભ્યો શ્રી હિતેશભાઈ પટેલ તથા શ્રી ત્રિવેદીને કરવા છતા તેઓએ શ્રી ગઢવીને બચાવવાના આશયથી ફરિયાદને સુઓ મોટો ગણાવી ચાલુ રાખી હતી. આમ સરકારી તિજોરીને નુકશાન કૃત્ય તેઓ દ્વારા પણ ચાલુ રહ્યું હતું. આ સંજોગોમાં અમે તા. ૭/૧/૨૫ના રોજ સુરેન્દ્રનગરના પ્રીન્સીપાલ જજ સમક્ષ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનાઓ કરવા માટે, જજીસ શ્રી પી.એસ. ગઢવી, શ્રીમતી એસ.પી. દુલેરા, કુ. આર.વી. રાજે, શ્રી એન.જી. દવે તથા બાર કાઉન્સીલના શ્રી સી.કે પટેલ, ચેરમેન તથા સભ્યો શ્રી હિતેશ પટેલ તથા શ્રી ત્રિવેદી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનાઓ માટે ફરિયાદ પી.એચ. નં. ૧/૨૦૨૫ કરેલ છે, જેની લાગતા વળગતા સૌ નોંધ લે.

તા. ૧૦/૦૧/૨૦૨૫

દેવેશ ભટ્ટ, એડવોકેટ
૩૦૩, જે-બ્લોક, સનસીટી,
સેક્ટર-૧, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૭

**સેંકડો પરિવારે છોડ્યું ઘર**

## પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સરહદ પર ક્રોસ બોર્ડર ફાયરિંગ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૦ ।

છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો હોય છે. શુક્રવારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સરહદ પર તણાવ વધી ગયો હતો કારણ કે સવારે બંને દેશોની સેનાઓ વચ્ચે ફાયરિંગ થયું હતું. આ ઘટના પૂર્વી અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતના સરકાનો જિલ્લામાં બની હતી. રિપોર્ટ મુજબ "સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાએ શુક્રવારે બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે સરકાનો જિલ્લાના નવાપાસ વિસ્તારમાં રોકેટ હુમલા કર્યા હતા. રોકેટ રહેણાંક ઘરો પર પડ્યા હોવાના અહેવાલ છે, જેમાં ૧૦ પ્રાણીઓ અને કેટલાક બાળકો માર્યા ગયા છે." સેંકડો પરિવારોને આ વિસ્તાર છોડીને ભાગવાની ફરજ પડી હતી. અફઘાન સરહદી દળોએ વળતો ગોળીબાર કર્યો, પરંતુ પાકિસ્તાને પોતાને થયેલા નુકસાનની કોઈ જાણકારી આપી હતી. ઉપરાંત કુનારના સ્થાનિકો અને સૂત્રો પાસેથી મળેલી માહિતીમાં જાણવા મળ્યું છે કે ગુરુવારે સરહદ નજીક બાજૌરના સાલારઝાઈ વિસ્તારમાં હેલિકોપ્ટરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો.

**સપ્તાહના છેલ્લા દિવસે શેરબજારમાં મંદી**

## નિફ્ટી ૨૩૪૩૯ ઉપર અને સેન્સેક્સ ૨૪૧ પોઈન્ટ તૂટ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

માર્કેટમાં વેચવાલીનું દબાણ ચાલુ છે. બજાર સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે બંધ થયું. આઈટી સિવાયના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. નિફ્ટી બેંક ઈન્ડેક્સ લગભગ ૧.૫% સુધી ઘટીને બંધ થયા છે. રિયલ્ટી, ફાર્મા, પીએસઈ શેર્સમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે એનર્જી, મેટલ, ઓટો ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૨૪૧.૩૦ પોઈન્ટ્સ અથવા ૦.૩૧ ટકાના ઘટાડા સાથે ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૯૫.૦૦ પોઈન્ટ અથવા ૦.૪ ટકાના ઘટાડા સાથે ૨૩,૪૩૧.૫૦ ના સ્તર પર બંધ થયો. ટીસીએસ, ટેક મહિન્દ્રા, વિપ્રો, ઈન્ફોસીસ, એચસીએલ ટેક્નોલોજીસ નિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. જ્યારે શ્રીરામ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેંક, અદાણી એન્ટરપ્રાઈઝ, NTPC અને ભારત ઈલેક્ટ્રોનિક્સ નિફ્ટીમાં ટોપ લુઝર હતા.

# પ્રતિબંધિત કેમિકલની ગેરકાયદે હેરફેર માટે સુરતના યુવકની અમેરિકામાં ધરપકડ

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતમાં રહેતા ૩૬ વર્ષીય ગુજરાતી બિઝનેસમેન ભાવેશ પટેલ ઉર્ફે ભાવેશ લાઠિયાની અમેરિકાના ન્યૂયોર્કમાં ઘાતક સિન્થેટિક ડ્રગ ફેન્ટાનીલના ઉત્પાદનમાં વપરાતા રસાયણોની ગેરકાયદે હેરાફેરીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ભાવેશ ઉપર અમેરિકા અને મેક્સિકોમાં પ્રતિબંધિત કેમિકલનો જથ્થો મોકલવાનો આરોપ છે. આ કેમિકલને કથિત રીતે મેક્સિકોના કુખ્યાત સિનાલોઆ કાર્ટેલ અને અન્ય ડ્રગ હેરફેર કરનારા જૂથોને મોકલવામાં આવતા હતા. સુરત સ્થિત રોક્સટર કેમિકલ્સના સ્થાપક અને ઈથોસ કેમિકલ્સના ભૂતપૂર્વ ડિરેક્ટર ભાવેશ પટેલની તપાસ કર્યા બાદ હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન્સ દ્વારા તેની અટકાયત કરવામાં આવી છે. આ બંને કંપનીઓ ફેન્ટાનીલ રસાયણોની ગેરકાયદેસર નિકાસ કરતી હતી. સ્થાનિક સરકારી વકીલે આરોપ લગાવ્યો છે કે, રૅક્સટર કેમિકલ્સે જૂન ૨૦૨૪માં ન્યૂયોર્કમાં વિટામિન સી સપ્લિમેન્ટ્સ હોવાનું એક કથિત શિપમેન્ટ મોકલ્યું હતું. આ સિવાય ૨૩ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ વધુ એક એન્ટાસિડ દવાનું ખોટું લેબલ લગાવેલું શિપમેન્ટ મોકલવામાં આવ્યું હતું. તેમાં ૨૦ કિલો લિસ્ટ વન કેટેગરીનું કેમિકલ હતું, જેનો ઉપયોગ ફેન્ટાનીલ રસાયણ બનાવવા માટે કરવામાં આવતો હતો. આ શિપમેન્ટ કથિત રીતે મેક્સીકન ડ્રગ માફિયાઓ સાથે જોડાયેલું હતું. હકીકતમાં ફેન્ટાનીલ રસાયણ હેરોઈન કરતાં પણ ૫૦ ગણું વધુ અને મોર્ફિન કરતાં ૧૦૦ ગણું વધુ શક્તિશાળી નશાકારક રસાયણ છે. અમેરિકાના પૂર્વી ન્યૂયોર્ક જિલ્લાના એટર્નિની ઓફિસનો રિપોર્ટ કહે છે કે, સુરતના ભાવેશ પટેલની ધરપકડ એક સ્ટિંગ ઓપરેશન બાદ કરવામાં આવી હતી. હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશના ઓફિસરે ગ્રાહક બનીને ઓક્ટોબર ૨૦૨૪માં પટેલને ઈમેલ અને વીડિયો કોલ્સ કર્યા હતા.

### આ બાબતે કારંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે

# ભદ્ર કોર્ટ સંકુલમાં પોલીસ જાપ્તામાંથી બળાત્કારનો આરોપી ભાગી ગયો

### નરોડામાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં રાધેશ્યામ ઉર્ફે ગોપાલ ઉર્ફે કુલદીપ રાજદેવને સજા થતાં રાજકોટ જેલમાં રવાના કરવામાં આવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

બળાત્કારના આરોપીને રાજકોટ જેલમાંથી પોલીસ જાપ્તા સાથે ભદ્ર કોર્ટમાં લવાયો હતો. આ દરમિયાન ભદ્ર નજીકની ભીડમાં પોલીસ જાપ્તાના કર્મચારીને હાથતાળી આપીને રીઢો ગુનેગારો રાધેશ્યામ પલાયન થઈ ગયો હતો. આ બાબતે કારંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે વર્ષો પહેલા લતીફનો ખાસ કહેવાતો શરીફખાન પોલીસ જાપ્તામાંથી ભાગીને પાકિસ્તાન પહોંચી ગયો હતો. થોડા સમય પહેલા રીઢો ગુનેગાર મોન્ટુ ઈનામદાર પણ ભાગી ગયો હતો. ખોખરા પોલીસ આરોપીને તપાસ માટે કાલુપુર લઈ આવી હતી ત્યારે ગુનેગાર સબ ઈન્સ્પેક્ટરને ધક્કો મારીને ભાગી ગયો હતો. આવી રીતે ગુનેગારો ફરાર થવાની ઘટના હંમેશા શંકાસ્પદ જ રહેતી હોય છે. આ પ્રકરણની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.નરોડામાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં રાધેશ્યામ ઉર્ફે ગોપાલ ઉર્ફે કુલદીપ રાજદેવને સજા થતાં રાજકોટ જેલમાં રવાના કરવામાં આવ્યો હતો. હવે તેને અમદાવાદની ભદ્ર સ્થિત સિટી સેશન્સ કોર્ટમાં રજૂ કરવાનો હોવાથી રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરના હેડ કોન્સ્ટેબલ ધનજીભાઈ, એક કોન્સ્ટેબલ ભવુભા અને આઉટ સોર્સના ડ્રાઈવર સાથે રાધેશ્યામને લઈને અમદાવાદ પહોંચ્યા હતા. રાધેશ્યામને કોર્ટમાં રજૂ કરતાં તેની હાથકડી કાઢવામાં આવી હતી. કોર્ટની પ્રક્રિયામાં વધુ સુનાવણી તા. ૨૩મી રાખવામાં આવી હતી. કોર્ટમાં રજૂઆત બાદ તેને ગ્રાઉન્ડ ફ્લોર પર લાવવામાં આવ્યો હતો. જ્યાં ધનજીભાઈ અને ભવુભાએ તેને ગાડીમાં બેસી જવા કહ્યું હતું પરંતુ કોર્ટની ભીડનો લાભ લઈને રીઢો ગુનેગાર રાધેશ્યામ ગુમ થઈ ગયો હતો. આ અંગે તરત જ પોલીસે અમદાવાદ પોલીસ કંટ્રોલ રૂમમાં અને રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં જાણ કરી હતી. રાધેશ્યામને શોધવાની દોડધામ પણ કરી હતી. જો કે તેની કોઈ ભાળ ન મળતાં કારંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કારંજ પોલીસે પણ તરત જ ફરિયાદ નોંધીને રાધેશ્યામને શોધવા માટે કવાયત શરૂ કરી દીધી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરીને તેની ભાળ મેળવવા પ્રયાસ શરૂ કર્યા છે.

### ૩ જાન્યુઆરીએ લેવાયેલા નિર્ણય બાદ ભારે ગણગણાટ થયો હતો

# કલેક્ટર કચેરીઓમાં આઉટસોર્સથી ક્લાર્ક લેવાનો નિર્ણય મોકૂફ રખાયો

### રાજ્યની કલેક્ટર કચેરીઓમાં મોટી સંખ્યામાં ક્લાર્કની જગ્યા ખાલી છે, તેથી કામગીરી ઉપર અસર થાય છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

રાજ્યની કલેક્ટર કચેરીઓમાં ક્લાર્ક સંવર્ગની ખાલી જગ્યાઓ આઉટ સોર્સથી લેવા મહેસૂલ વિભાગે એક સપ્તાહ પહેલા લીધેલો નિર્ણય મોકૂફ રાખ્યો છે. મહત્ત્વના અને મહત્તમ નાણાકીય લેવડદેવડના વિભાગમાં મંજૂર થયેલી કારકુન સંવર્ગની જગ્યાઓ માટે આઉટ સોર્સિંગથી માનવ બળની સેવા લેવા કલેક્ટરોને ૩ જાન્યુઆરીએ મંજૂરી આપ્યા બાદ તે નિર્ણય અંગે અધિકારી વર્ગમાં પણ ભારે ચર્ચા ચાલી હતી. જોકે, મહેસૂલ વિભાગે ૯ જાન્યુઆરીએ ઠરાવ બહાર પાડીને હાલ પૂરતો આ નિર્ણય મોકૂફ રાખ્યાનું જાહેર કર્યું છે. રાજ્યની કલેક્ટર કચેરીઓમાં મોટી સંખ્યામાં ક્લાર્કની જગ્યા ખાલી છે. તેથી કામગીરી ઉપર અસર થાય છે. તેથી વિભાગના સચિવને મળેલી સત્તાના આધારે ખાલી જગ્યા માન્ય આઉટસોર્સિંગ એજન્સી મારફતે ભરવા ગત સપ્તાહે શરતી મંજૂરી અપાઈ હતી. આ નિર્ણયની અસરકારકતા અંગે સવાલ ઊભો થયો હતો. મહેસૂલ વિભાગે આઉટ સોર્સિંગ એજન્સીઓ પાસેથી કલેક્ટર કચેરીના દસ્તાવેજો, રેકર્ડ, કાગળો, ટપાલની ગોપનીયતા વગેરે જળવાય તે માટે બાંહેધરી માગી હતી. તે સાથે તેમને કોઈ સંવેદનશીલ કામગીરી ન સોંપવા માટે પણ કલેક્ટરોને તાકીદ કરવામાં આવી હતી. તેમ છતાં મહેસૂલ જેવા મહત્વના વિભાગમાં ક્લાર્કની ચાવીરૂપ કામગીરી માટે ૧૧ મહિના માટે બહારના વ્યક્તિને લેવાના નિર્ણય સામે ગણગણાટ શરૂ થવા પામ્યો હતો.

### સ્પોર્ટ્સ ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર કે અન્ય જગ્યા માટે ટેસ્ટ આપવો પડશે

# યુનિવર્સિટીઓમાં સ્પોર્ટ્સના હોદ્દા માટે ઉમેદવારોનો ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત

### ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાય વર્ષોથી સ્પોર્ટ્સ ડાયરેક્ટરની જગ્યા ખાલી પડી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા તાજેતરમાં આગામી દિવસોમાં યુનિવર્સિટીઓમાં થનારી ભરતી સહિતના નિયમો માટેનો ડ્રાફ્ટ તૈયાર કરીને મંતવ્યો માટે રજૂ કરવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા પ્રમાણે હવે સ્પોર્ટસમાં ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર કે અન્ય કોઈ જગ્યાઓ ભરવાની હોય તો પણ શારિરીક કસોટી લેવાની રહેશે. આ માટેના નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે. વાસ્તવિક્તા એ છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાય વર્ષોથી સ્પોર્ટ્સ ડાયરેક્ટરની જગ્યા ખાલી પડી છે. UGC દ્વારા નવા રેગ્યુલેશનમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, દેશની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્પોર્ટ્સ એજ્યુકેશન માટે અધ્યાપકો, ડાયરેક્ટર, ડે.ડાયરેક્ટર, ડાયરેક્ટર વગેરેની નિયુક્તિ કરવામાં આવતી હોય છે. અત્યાર સુધી આ ભરતી સીધી અને પ્રમોશનના આધારે કરવામાં આવતી હતી, પરંતુ હવે પછી આ જગ્યાઓ પર કોઈપણ પ્રકારની ભરતી કરવામાં આવે તો તેના માટે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ જરૂરી છે. આ ટેસ્ટના આધારે તેઓ જે તે જગ્યા માટે મેડિકલી ફિટ છે તેવું સર્ટિફિકેટ પણ રજૂ કરવાનું રહેશે. એટલું જ નહીં, જે તે જગ્યા માટે ૧૨ મિનિટ સુધી રન-વોક ટેસ્ટ આપવી ફરજિયાત છે. આ ઉપરાંત ઉમેદવાર ૩૦ વર્ષ સુધીની વયમર્યાદા હોય તો ૧૮૦૦ મીટર, ૪૦ વર્ષની વયમર્યાદા હોય તો ૧૫૦૦, ૪૫ વર્ષથી વધુ વય મર્યાદા હોય તો ૧૨૦૦ અને ૪૫થી વધુ વયમર્યાદા હોય તો ૮૦૦ મીટરની દોડ ફરજિયાત છે. આ જ રીતે મહિલાઓ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવી છે. જેમાં તમામ વયની મહિલા ઉમેદવારો માટે ૮ મિનિટ રન-વોક જરૂરી છે. મહિલા ઉમેદવારની વયમર્યદા ૩૦ વર્ષ સુધીની હોય તો ૧ હજાર મીટર, ૪૦ વર્ષ સુધી હોય તો ૮૦૦ મીટર અને ૪૫ વર્ષ સુધીની હોય તો ૬૦૦ મીટર અને જો ૪૫ વર્ષથી વધુની વય મર્યાદા હોય તો ૪૦૦ મીટરની ટેસ્ટ આપવી ફરજિયાત છે. શારિરીક રીતે વિકલાંગ હોય તેમને આ ટેસ્ટથી મુક્તિ આપવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આમ, હવે કોઈપણ યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટની જુદી જુદી જગ્યાઓ પર નિયુક્તિ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે.

### સંચાલક મંડળે નવી પ્રાથમિક શાળાઓની અરજી અંગે રજૂઆત કરી

# નવી શાળા શરૂ કરવાની અરજી માટે ૬૦ દિવસનો સમય આપવા રજૂઆત

### ચેક લિસ્ટ મુજબ દસ્તાવેજો એકત્ર કરવામાં સમય લાગતો હોવાથી મુદત વધારી ૧૫ જાન્યુઆરી સુધી કરવા માગ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટે અરજીની મુદત વધારવામાં આવે તેવી માગણી સંચાલક મંડળ દ્વારા કરવામાં આવી છે. નવી શાળા શરૂ કરવા માટે ચેક લિસ્ટ અને દસ્તાવેજો માટે સમય જતો હોવાથી ૬૦ દિવસની, ૧૫ જાન્યુઆરી સુધી અરજી કરવાની મુદતમાં વધારો કરવાની માગણી કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંચાલક મંડળ દ્વારા જણાવાયું છે કે, રાજ્યમાં નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટેની મુદત ઓછામાં ઓછી ૬૦ દિવસની હોવી જોઈએ. વર્તમાન અને નવી ખાનગી પ્રાથમિક શાળામાં અરજી કરવા અંગે ચેક લિસ્ટ તથા વિવિધ પુરાવા અને દસ્તાવેજો જોડવાના હોય છે, જે એકત્ર કરવામાં સમય જતો હોવાથી મુદત લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી છે.

જે ટ્રસ્ટ સોસાયટી કે ફાઉન્ડેશન નવી શાળા શરૂ કરવા માગતી હોય અને તેમની પાસે માલિકીનું બિલ્ડિંગ હોય તો ત્યાં મંડળોને નવી શાળા માટે અરજી કરવામાં કોઈ મૂંઝવણ આવતી નથી, પરંતુ જે ટ્રસ્ટ પાસે માલિકીનું મકાન નથી અને ભાડાના મકાનમાં શાળા શરૂ કરવા માગે છે તેવા મંડળો ૧૫ વર્ષનો રજિસ્ટર ભાડા કરાર કરાવવો અને ભાડાનું મકાન મેળવવું ખૂબ મુશ્કેલ બને છે. ૧૫ વર્ષના ભાડા કરારમાં તેમ ડ્યૂટી ૧૨% લાગતી હોવાથી બમણો ખર્ચ થાય છે. જેથી નવી શાળા માટે ભાડાના મકાન ઉપલબ્ધ થતા નથી. નવી શાળા માટે ફાયર એનઓસી અંગે પણ રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફાયર એનઓસીની જોગવાઈ સંદર્ભે શાળા મંડળ અરજી કરે અને સત્તા મંડળ અરજી જમા કરે તેની પહોંચને નવી શાળાની અરજી વખતે માન્ય રાખવા માટે પણ માગણી કરવામાં આવી છે.સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે કે, નવા શૈક્ષણિક વર્ષ એટલે કે ૨૦૨૫- ૨૬ માટે નવી શાળાઓ શરૂ કરવા માટેની અરજીઓ કરવાની મુદત ૩૦ દિવસ લંબાવી ૧૫ જાન્યુઆરી સુધી છૂટ આપવી જોઈએ. આ ઉપરાંત જૂની શાળાઓના વર્ગ વધારા, માધ્યમ ફેર અને સ્થળ ફેર માટે જે તે વખતના નિયમો અનુસાર જોગવાઈ કરવા માટે પણ રજૂઆત કરાઈ છે.

### વડોદરાની અંબે વિદ્યાલયની ઘટના

# વડોદરામાં વિદ્યાર્થીની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને આવતા હોબાળો મચ્યો

### બ્રેકનો સમય હોવાથી શિક્ષક કે અન્ય વિદ્યાર્થીઓ હાજર નહોતા પરંતુ વિદ્યાર્થી અચાનક આવી જતાં બોટલ સ્કૂલ બેગમાં મૂકી દીધી હતી

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરાની અંબે વિદ્યાલયમાં એક વિદ્યાર્થીનીએ પોતાની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને હોબાળો મચાવ્યો હતો. જ્યારે અન્ય વિદ્યાર્થીઓએ તેમના વાલીઓને આ વાતની જાણ કરી ત્યારે રોષ ફેલાઈ ગયો.

અહેવાલો અનુસાર, આ ઘટના ૬ જાન્યુઆરીના રોજ બપોરે અંબે વિદ્યાલયના વર્ગખંડમાં બની હતી. જેમાં એક દીકરાએ ક્લાસમાં ભણતી એક વિદ્યાર્થીની સ્કૂલ બેગમાં વ્હિસ્કી લઈને આવી હતી અને તે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ હવામાં ઉછાળી રહ્યા હતા. બ્રેકનો સમય હોવાથી શિક્ષક કે અન્ય વિદ્યાર્થીઓ હાજર નહોતા. પરંતુ વિદ્યાર્થી અચાનક આવી જતાં બોટલ સ્કૂલ બેગમાં મૂકી દીધી હતી.આ મામલો શાળા પ્રશાસનના ધ્યાનમાં આવ્યા પછી જે વિદ્યાર્થીનીએ તેની સ્કૂલ બેગમાં બોટલ લાવી હતી તેને પરીક્ષા સુધી શાળાએ ન આવવાનું કહેવામાં આવ્યું છે અને અન્ય ત્રણ વિદ્યાર્થીઓના વર્ગો બદલવામાં આવ્યા છે, પરંતુ આ બાબતને ધ્યાનમાં રાખીને આ મામલો બહાર આવ્યો છે. પરંતુ અન્ય વિદ્યાર્થીઓએ તેમના માતાપિતાને જાણ કરતાં ઘટસ્ફોટ થયો છે.

અગાઉ પણ વિદ્યાર્થીઓ અંબે વિદ્યાલયમાં દારૂની બોટલો લઈને આવ્યા હતા. જ્યારે ગુસ્સે ભરાયેલા વાલીઓ તેમને પકડીને શાળાએ પહોંચ્યા, ત્યારે તેમને ખાતરી આપવામાં આવી કે ચારેય વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવશે. જોકે, બે દિવસ પહેલા બનેલી ઘટના અંગે શાળા સંચાલકો કહી રહ્યા છે કે આવું કંઈ બન્યું જ નથી.

### ૬૪ ગ્રામ સોનાના દાગીનાની લૂંટ થઈ છે

# સુરતમાં ભરચક વિસ્તારમાંથી સોનાના દાગીનાની લૂંટ કરી ત્રણ શખ્સ ફરાર

### બંગાળી કારીગર તૈયાર થયેલા દાગીના લઈને જતો હતો ત્યારે લૂંટી લેવાયો

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

શહેરમાં ભાગલ ચાર રસ્તા નજીક જ ૬૪ ગ્રામ સોનાના દાગીનાની લૂંટ થઈ છે. બંગાળી કારીગર દાગીના લઈને જઈ રહ્યો હતો, તે સમયે ત્રણ વ્યક્તિએ કારીગર પાસેથી દાગીના લૂંટી લીધા હતા. હાલમાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે અને ઝઝૂફના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. આ દાગીનાની કિંમત રૂ. છ લાખની આસપાસ હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે શહેરના ભરચક ટ્રાફિક ધરાવતા ભાગળ ચારરસ્તા પાસે જ લૂંટની આ ઘટના બની હતી. નજીકમાં અંબાજીરોડ ઉપર ઘરેણાં તૈયાર કરવાનું કામ કરતાં બંગાળી સોની ૬૪ ગ્રામ વજનના સોનાના દાગીના તૈયાર કરીને દુકાને જતો હતો. ત્યારે ડબગરવાડ ઝપાટા ગારમેન્ટની સામેના ભાગમાં ત્રણ શખ્સોએ તેને આતર્યો હતો. તેની પાસે દાગીના મૂકેલું જે પાકીટ હતું તે ખેંચીને ફરાર થઈ ગયા હતાં. વેપારી કંઈ સમજે તે પહેલાં તો આ ત્રણેય લૂંટારા ભરચક ટ્રાફિક વચ્ચેથી પણ નાસી છૂટ્યા હતાં. વેપારીએ બૂમાબૂમ કરતાં આસપાસના દુકાનદારો દોડી આવ્યા હતાં. લોકો પણ ત્યાં દોડી આવ્યા હતાં. પોલીને જાણ કરતાં પોલીસની સ્થાનિક ટીમ ઉપરાંત ક્રાઈમ બ્રાંચની ટીમ પણ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. તેમણે સીસીટીવી ફૂટેજની મદદથી લૂંટારુઓનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.સૂત્રોનું કહેવું છે કે, લૂંટારુઓએ જે રીતે ગણતરીની પળમાં જ લૂંટને અંજામ આપ્યો તે એક બાબત સ્પષ્ટ કરે છે કે, વેપારી પાસે દાગીના છે, ક્યાં મૂક્યા છે. તે તમામ બાબતોની માહિતી આ લૂંટારાઓ પાસે હતી. એટલે, આ લૂંટારાઓને કોઈ જાણભેદુએ ટીપ આપી હોય શકે અથવા તો લૂંટમાં કોઈ ઘરભેદુ જ હોઈ શકે છે.

### ભરૂચ જિલ્લાના બાકરોલ બ્રિજ નજીક અકસ્માત સર્જાયો હતા

# અજમેરથી પાલઘર પરત જતાં મિત્રોની કારને ભરૂચ નજીક અકસ્માત નડ્યો

### કાર આગળ એક ટ્રકમાં ભટકાઈ ને બે ટ્રક વચ્ચે સેન્ડવીચ બનતા કારનું પડીકું વળી ગયું હતું જ્યાં ઇજાગ્રસ્તો ની ચીસાચીસ ની વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૦ ।

રાજસ્થાનના અજમેર થી મુંબઈના પાલઘર પરત જતા મિત્રોની કારને ભરૂચ જિલ્લાના બાકરોલ બ્રિજ નજીક અકસ્માત સર્જાયો હતો. પાછળ આવતી ટ્રકની ટક્કરે આગળ ચાલતી ટ્રકમાં કાર ઘૂસી જતાં બે ટ્રક વચ્ચે સેન્ડવીચ બનેલી કાર માં સાત પૈકી ત્રણ યુવાનોએ સ્થળ પર જ જીવ ગુમાવ્યો હતો. ચાર ગંભીર ઈજાગ્રસ્તોને ભરૂચ ખાનગી હોસ્પિટલ માં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત કાઢવા ફાયર અને પોલીસ ની મદદ લેવાઈ હતી. કારનો કચ્ચરઘાણ વળતાં અકસ્માત ની ગંભીરતા સામે આવી હતી. અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર બાકરોલ બ્રિજ પાસે બુધવારે વહેલી સવારે ગોઝારા માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઉર્સની ઉજવણી કરીને અજમેર થી પરત ફરી રહેલા મુંબઈ પાલઘર ના મિત્રો ની અર્ટીગા કાર ને પાછળથી એક ઝડપી વાહને ટક્કર મારી હતી. આ અસરથી તેમની કાર આગળ એક ટ્રકમાં ભટકાઈ ને બે ટ્રક વચ્ચે સેન્ડવીચ બનતા કાર નું પડીકું વળી ગયું હતું જ્યાં ઈજાગ્રસ્તો ની ચીસાચીસ ની વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. મુંબઈ ના પાલઘર નો પરિવાર ઉર્સની ઉજવણી માટે ૬ જાન્યુઆરી અજમેર ની યાત્રા એ નીકળ્યો હતો. ઘરે પરત ફરતી વખતે બાકરોલ બ્રિજ પાસે તેમની મુસાફરી એ કરુણ વળાંક લીધો હતો. હાઈ સ્પીડમાં મુસાફરી કરી રહેલા અર્ટીગા કાર ને પાછળથી ટક્કર મારી હતી, જેના કારણે તે સામેથી જતી ટ્રક સાથે અથડાઈ હતી. અર્ટીકા બે વાહનો વચ્ચે સેન્ડવીચ થઈ ગઈ હતી.

## વિશેષ

### બાળકોને રૂચિ પ્રમાણે પ્રોત્સાહિત કરવામાં આવે તો સફળતા મેળવી શકે છે એ વાત સાર્થકે સાર્થક કરી

# સુરતના ૧૧ વર્ષીય સાર્થક ભાવસારે રૂબિક્સ ક્યુબ ઉકેલવામાં કરી કમાલ: ઉંધા માથે લટકી એક મિનિટમાં સૌથી વધુ ૫ રૂબિક્સ ક્યુબ્સ ઉકેલવાનો રેકોર્ડ બનાવ્યા

। (માહિતી) સુરત ।

રૂબિક્સ ક્યુબ એ મગજને કસવાની ખૂબ જ અનોખી રમત છે. બુદ્ધિક્ષમતાને મજબૂત બનાવવા ઈચ્છતા બાળકો, યુવાનો આ રમતમાં અતિ રસ ધરાવતા હોય છે. આ રમત રમવી જેટલી દેખાય એટલી સરળ નથી. એકવાર રૂબિકસ ક્યુબ્સને અસ્તવ્યસ્ત કરીએ ત્યારે ફરી તેને મૂળ અવસ્થામાં લાવતા લાંબો સમય લાગી શકે છે, પરંતુ સુરતના અડાજણના ૧૧ વર્ષીય સાર્થક વત્સલભાઈ ભાવસારે રૂબિક્સ ક્યુબ ઉકેલવામાં કમાલ કરી બતાવી છે, તેણે એક મિનિટમાં સૌથી વધુ રૂબિક્સ ક્યુબ્સ ઉકેલવાનો રેકોર્ડ બનાવ્યો છે, એ પણ ઉંધા માથે લટકતા રહીને.. તેણે એક નહીં, પરંતુ અઘરા ગણાતા Mirror Cube, 2x2, 3x3, Pyraminx and Skewb Cube એમ પાંચ-પાંચ પ્રકારના રૂબિક્સ ક્યુબ્સ હવામાં લટકતી અવસ્થામાં ઉપર પગ અને નીચે માથું રાખી ઉકેલીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. અડાજણની પ્રેસિડેન્સી સ્કુલમાં ધો.૫ માં અભ્યાસ કરતા સાર્થકનો પરિવાર સ્પોર્ટ્સપ્રેમી બેકગ્રાઉન્ડ ધરાવે




છે. તેના પિતા વત્સલભાઈ પણ બાળવયે ૧૯૯૭-૯૮માં જિમ્નાસ્ટીકસની વિવિધ રાજ્ય, રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ્સ જીતી ચૂક્યા હતા, જ્યારે તેની ફોઈ રિદ્ધિબેન પણ જિમ્નાસ્ટીકસના પારંગત ખેલાડી હતા. સાર્થકે ગત ૯મી ડિસેમ્બરે આ રેકોર્ડ બનાવ્યો હતો, જે દિવસે તેની વય ૧૦ વર્ષ ૧૧ મહિના અને ૪ દિવસની હતી. જેને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા તમામ જરૂરી ચકાસણી કરીને ઉંધા લટકીને એક મિનિટમાં સૌથી વધુ ૫ રૂબિક્સ ક્યુબ્સ ઉકેલવાના રેકોર્ડને સ્ક્રુટીની અને પ્રમાણિત કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન આપ્યું છે અને ગત તા.૫મી જાન્યુ.એ પ્રમાણપત્ર, મેડલ ટ્રોફી કુરિયર મારફતે મોકલી આપ્યા હતા. દરેક વ્યક્તિએ ક્યારેક તો જિંદગીમાં રૂબિક્સ ક્યુબ્સ ઉકેલવાની કોશિશ કરી જ હશે. જટિલ લાગતી આ રમત તીવ્ર વિચારક્ષમતા અને બુદ્ધિશક્તિ માંગી લે છે, ત્યારે સાર્થકે એકાગ્રતા રાખીને આ રમતના અલ્ગોરિધમ્સમાંથી ટેકનિક શીખી, ઓછા સમયમાં કોયડા ઉકેલવામાં માસ્ટરી મેળવી છે. બાળકોને તેમની રૂચિ પ્રમાણે પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ તેમની કારકિર્દીમાં ખૂબ આગળ વધી શકે છે એ વાત સાર્થકે સાર્થક કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ સાથે તેમના પ્રથમ પોડકાસ્ટમાં નિખાલસ અને સમજદાર વાતચીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકારણમાં યુવાનોની ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો.

### તે ઇસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ : યોગી

# વિવાદિત માળખાને મસ્જિદ કહેવાનું ટાળો : સીએમ યોગી

## કોઈની પણ શ્રદ્ધાને ઠેસ પહોંચાડવી અને ત્યાં મસ્જિદ જેવું માળખું બનાવવું એ પણ ઇસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ છે

**। (એજન્સી)** લખનૌ, તા.૧૦ ।

મહાકુંભ મેળામાં સીએમ યોગીએ કહ્યું, વિવાદિત માળખાને મસ્જિદ કહેવાનું ટાળો, તે ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. કોઈપણ વિવાદિત માળખાને મસ્જિદ ન કહેવું જોઈએ. જે દિવસે આપણે તેને મસ્જિદ કહેવાનું બંધ કરી દઈશું, તે દિવસે લોકો ત્યાં જવાનું બંધ કરી દેશે. કોઈની પણ શ્રદ્ધાને ઠેસ પહોંચાડવી અને ત્યાં મસ્જિદ જેવું માળખું બનાવવું એ પણ ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. આવા સ્થળે કરવામાં આવતી કોઈપણ પ્રકારની પૂજા ભગવાનને પણ સ્વીકાર્ય નથી. જ્યારે ભગવાનને તે મંજૂર નથી, તો પછી આપણે ત્યાં વ્યર્થ પૂજા કેમ કરવી જોઈએ? જ્યારે ઈસ્લામમાં પૂજા માટે માળખું બનાવવું જરૂરી નથી, જ્યારે સનાતન ધર્મમાં આવું છે. તે ઈસ્લામ માટે નહીં, પણ સનાતની પૂજા માટે મંદિરમાં જશે. આવી સ્થિતિમાં, આપણે કોઈપણ માળખાને મસ્જિદ કહેવાનો આગ્રહ રાખવો જોઈએ નહીં. હવે આગળ



વધવાનો અને નવા ભારત વિશે વિચારવાનો સમય છે. આપણે આ તરફ ધ્યાન આપવું જોઈએ. મહાકુંભ મેળા વિસ્તારમાં આવેલા ઐરાવત ઘાટ ખાતે એક ખાનગી ચેનલના કાર્યક્રમમાં બોલતા, સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે એક વર્ષ પહેલા અયોધ્યામાં રામ લલ્લાની સ્થાપના, ૫૦૦ વર્ષની રાહનો અંત, અને મહા કુંભ આવા શુભ સમયે યોજાઈ રહ્યો છે. ૧૪૪ વર્ષ પછી, ભગવાનની ઈચ્છા છે. હું તમારો આભારી છું. સીએમ યોગીએ કહ્યું કે દક્ષિણ ભારત સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોના સંતો મહાકુંભમાં આવી શકતા ન હતા.

## ન્યૂઝ બ્રિફ

### દેશની સૌથી રહસ્યમય જગ્યા, અહીં જે પણ ચૂંટણી જીતે તેનું થઈ જાય છે મોત




**। (એજન્સી)** રાંચી, તા.૧૦ ।

ભારત જેવા વિશાળ દેશમાં અનેક ચૂંટણીઓના આયોજન થતાં હોય છે. લોકસભા, રાજ્ય વિધાનસભા કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ સમયાંતરો યોજાતી રહે છે. ચૂંટણીમાં પણ વિશ્વાસ-અંધવિશ્વાસ જોવા મળતો હોય છે. આ વચ્ચે છત્તીસગઢમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. આ વચ્ચે સૂરજપુર જિલ્લાના એક વોર્ડની ખુબ ચર્ચા થઈ રહી છે. આ વોર્ડને રહસ્યમયી માનવામાં આવે છે. છત્તીસગઢના સૂરજપુર જિલ્લાના ક્રમાંક ૨ મૌલાના આઝાદ વોર્ડ છે. આ વોર્ડ ઓબીસી માટે અનામત છે, પરંતુ સમસ્યા છે કે અહીં કોઈપણ પાર્ટીને ઉમેદવાર મળી રહ્યાં નથી. તેનું કારણે આ ક્ષેત્રની જનતા છેલ્લા કેટલાક વર્ષોમાં વોર્ડના પૂર્વ સભ્યો સાથે થયેલા અપશુકનને માની રહી છે. કારણ કે છેલ્લા ૨૫ વર્ષમાં જે પણ સભ્ય તરીકે ચૂંટાયા તેનું કોઈને કોઈ રહસ્યમયી રીતે મોત થઈ ગયું. હવે સ્થિતિ એવી છે કે ચૂંટણી લડવા માટે કોઈ આગળ આવી રહ્યું નથી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અત્યાર સુધી મૌલાના આઝાદ વોર્ડ ક્રમ-૨થી જે પણ ચૂંટણી જીત્યા તેનું કાર્યકાળ દરમિયાન બીમારી કે દુર્ઘટનાથી અસમયે મોત થઈ ગયું.

### પત્ની, દીકરી-ભત્રીજાની હત્યા કરી પોલીસ સામે હત્યારાનું આત્મસમર્પણ



**। (એજન્સી)** બેંગ્લુરુ, તા.૧૦ ।

બેંગ્લુરુમાં એક વ્યક્તિએ પોતાના જ પરિવારના ત્રણ સભ્યો પોતાની પત્ની, પુત્રી અને ભત્રીજીની હત્યા કરી દીધી. હત્યારાની ઓળખ ૪૨ વર્ષીય ગંગારાજુ તરીકે થઈ છે. આરોપીએ ઘટનાને અંજામ આપ્યાના તાત્કાલિક બાદ પોલીસની સામે આત્મસમર્પણ કરી દીધું. તે ચાકુ લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. આરોપી હોમગાર્ડ તરીકે કામ કરી રહ્યો હતો. એક રિપોર્ટ અનુસાર આરોપીના ચાકુ લઈને પહોંચવા પર પોલીસ સ્ટેશનમાં હોબાળો મચી ગયો. પીન્યા પોલીસ સ્ટેશનમાં ચાકુ લઈને પહોંચ્યો અને પોતાનો ગુનો કબૂલ કરી દીધો. પોલીસના જણાવ્યા અનુસાર જલાહલ્લી ક્રોસની પાસે ચોક્કાસંદ્રાના રહેવાસી આરોપીએ કથિત રીતે પોતાની પત્ની ભાગ્યા (૩૬), પુત્રી નવ્યા (૧૯) અને ભત્રીજી હેમવતી (૨૩) ની હત્યા કરી દીધી. આ સનસનીખેજ દુર્ઘટના બેંગ્લુરુમાં તેમના ભાડાના ઘરમાં થઈ. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે આરોપીની ભારતીય ન્યાયિક સંહિતા હેઠળ ધરપકડ કરવામાં આવી અને આરોપ લગાવવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર 'હેબ્બાગોડી પોલીસ સ્ટેશનમાં તહેનાત ગંગારાજુએ હત્યાઓનો રિપોર્ટ કર્યા બાદ સાંજે ૪ વાગ્યાની આસપાસ ઈમરજન્સી હેલ્પ લાઈન નંબર ૧૧૨ પર ફોન કર્યો.

# વિરાટ કોહલીએ ખતમ કર્યું યુવરાજનું કરિયર : ઉથપ્પા

## કોહલીએ મજબૂત ઓલરાઉન્ડર યુવરાજની ફિટનેસમાં થોડી છૂટ આપવાની વિનંતીને ફગાવી દીધી હતી

**। (એજન્સી)** નવી દિલ્હી, તા.૧૦ ।

ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન રોબિન ઉથપ્પાએ કેન્સરને હરાવીને ટીમમાં પરત ફરેલા યુવરાજ સિંહની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત લાવવા માટે વિરાટ કોહલીને જવાબદાર ગણાવ્યો છે. રોબિન ઉથપ્પાના જણાવ્યા અનુસાર વિરાટ કોહલીએ મજબૂત ઓલરાઉન્ડર યુવરાજ સિંહની ફિટનેસમાં થોડી છૂટ આપવાની વિનંતીને ફગાવી દીધી હતી. ODI અને T20 ક્રિકેટમાં ભારતના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક યુવરાજ સિંહે મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયાને T20 અને ODI વર્લ્ડ કપમાં ખિતાબ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ODI વર્લ્ડ કપ ૨૦૧૧ ના ટાઈટલ જીત્યા પછી યુવરાજ સિંહને કેન્સર હોવાનું નિદાન થયું હતું અને તેણે અમેરિકામાં સારવાર લીધી હતી. યુવરાજ સિંહ કેન્સરમાંથી સાજા થયા બાદ ભારતીય ટીમમાં પાછો ફર્યો હતો અને તેણે ઈંગ્લેન્ડ સામેની ODI મેચમાં સદી પણ ફટકારી હતી, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૭માં ખરાબ પ્રદર્શન બાદ તેને પડતો મૂકવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેણે ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ



લીધી હતી. રોબિન ઉથપ્પાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, યુવી પા (યુવરાજ સિંહ)નો જ દાખલો લો. તે વ્યક્તિ કેન્સરને હરાવીને આંતરરાષ્ટ્રીય ટીમમાં પાછા આવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે વ્યક્તિએ આપણને બે વખત વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જ્યારે તમે કેપ્ટન બનો છો તો તમે એવા ખેલાડી વિશે કહો છો કે તેના ફેફસાની ક્ષમતા ઓછી થઈ ગઈ છે, જ્યારે તમે તે ખેલાડીને સંઘર્ષ કરતા જોયા હશે. કોઈએ મને આ વિશે કહ્યું નથી, પરંતુ હું વસ્તુઓનું મૂલ્યાંકન કરું છું. રોબિન ઉથપ્પાએ કહ્યું, તમે તેને સંઘર્ષ કરતા જોયા છે પછી જ્યારે તમે કેપ્ટન બનો છો ત્યારે તમે કેટલાક માપ દંડો બનાવીને તેનું સ્તર જાળવી રાખવા માંગો છો, પરંતુ દરેક કિસ્સામાં કેટલાક અપવાદો છે અને અહીં અમે તે વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છીએ જે બનવાના લાયક હતા અપવાદ તે વ્યક્તિએ તમારા માટે માત્ર ટુર્નામેન્ટ જ જીતી નથી પરંતુ કેન્સરને પણ હરાવી છે.' જોકે, આ પહેલા તેણે ટીમમાં સામેલ થવા માટે ફિટનેસ ટેસ્ટ પાસ કર્યો હતો. રોબિન ઉથપ્પાએ કહ્યું, જ્યારે યુવીએ બે અંકની કપાત માટે વિનંતી કરી, ત્યારે તેને તે મળ્યું નહીં. ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા બાદ તે ટીમમાં આવ્યો હતો, પરંતુ એક ટૂર્નામેન્ટમાં ખરાબ પ્રદર્શન બાદ તેને પડતો મૂકવામાં આવ્યો હતો અને તેના પર ક્યારેય વિચાર કરવામાં આવ્યો ન હતો. ત્યારે વિરાટ કેપ્ટન હતો, જે કંઈ પણ થયું તેના અનુસાર જ થયું. રોબિન ઉથપ્પાએ કોહલીની કેપ્ટનશિપ સ્ટાઈલ વિશે કહ્યું કે તે માય વે અને ધ હાઈવે પ્રકારનો કેપ્ટન હતો. રોબિન ઉથપ્પાએ કહ્યું, હું વિરાટની કપ્તાનીમાં વધુ રમ્યો નથી, પરંતુ એક કેપ્ટન તરીકે તે માય વે કે હાઈવે પ્રકારનો કેપ્ટન હતો. તે માત્ર પરિણામોથી જોડાયેલો નથી પરંતુ તે પોતાની ટીમ અને સાથીઓની સાથે વ્યવહારથી પણ જોડાયેલો છે.

### સુનીવ ગાવસ્કરની મોટી ભવિષ્યવાણી

# જસપ્રીત બુમરાહ રોહિત શર્મા બાદ ટેસ્ટ ટીમની કેપ્ટનશિપ કરશે

**। (એજન્સી)** નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ટીમ ઈન્ડિયાના આગામી ટેસ્ટ કેપ્ટનને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. સુનીલ ગાવસ્કરનું માનવું છે કે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરનાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ રોહિત શર્મા બાદ ભારતીય ટેસ્ટ ટીમની કેપ્ટનશિપ કરશે. જસપ્રીત બુમરાહે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ૫ ટેસ્ટ મેચોમાં ૩૨ વિકેટ ઝડપી છે. આ ઓસ્ટ્રેલિયામાં કોઈ વિદેશી ફાસ્ટ બોલરનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ પ્રદર્શન છે. બુમરાહની કેપ્ટનશિપમાં પર્થમાં રમાયેલી આ સીરિઝની પહેલી મેચમાં જીત હાંસિલ કરી હતી. સુનીલ ગાવસ્કરે ચેનલ ૭ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે (બુમરાહ) ટીમ ઈન્ડિયાના આગામી કેપ્ટન હોઈ શકે છે. તે જવાબદારીઓની સાથે ટીમની



કેપ્ટનશિપ પણ કરે છે, જેની છબી ખુબ જ સારી છે. તેમનામાં કેપ્ટનના ગુણ છે અને તે એવા વ્યક્તિ નથી કે તમારા પર બિનજરૂરી રૂપથી દબાણ બનાવે. ક્યારેય ક્યારેક તમારી પાસે એવા કેપ્ટન હોય છે જે તમારા પર ખુબ જ દબાણ નાંખે છે. બુમરાહને જોઈને એવું લાગે છે કે તે બીજા પાસેથી એવું જ ઈચ્છે છે જે તેનું કામ છે. તેણે તે કામ કરવું જોઈએ જેના માટે તે રાષ્ટ્રીય ટીમમાં છે પરંતુ તેના માટે કોઈના પર દબાણ નાંખતો નથી.

### રવિચંદ્રન અશ્વિન પોતાના નિવેદનના કારણે વિવાદમાં

# હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નથી : ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન

**। (એજન્સી)** ચેન્નઈ, તા.૧૦ ।

ભારતના સ્ટાર ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન પોતાના એક નિવેદનના કારણે વિવાદમાં આવી ગયા છે. રવિચંદ્રન અશ્વિન કહ્યું કે, હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નથી. રવિચંદ્રન અશ્વિનના આ નિવેદને સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. જ્યારબાદ રવિચંદ્રન અશ્વિન સોશિયલ મીડિયામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. રવિચંદ્રન અશ્વિને તમિલનાડુની એક ખાનગી એન્જિનિયરિંગ કોલેજના પદવીદાન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધિત કરતા આ વાત કહી છે. રવિચંદ્રન અશ્વિને વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, જો કોઈ અંગ્રેજી અથવા તમિલ ભાષામાં એટલું નિપુણ નથી, તો શું કોઈને હિન્દીમાં પ્રશ્નો પૂછવામાં રસ રાખે છે. રવિચંદ્રન અશ્વિને આટલું બોલતાની સાથે જ વિદ્યાર્થીઓના ગ્રુપમાં મૌન છવાઈ ગયું હતું. રવિચંદ્રન અશ્વિને




અચાનક ભારતમાં ભાષાનો મુદ્દો ઉઠાવ્યો છે. રવિચંદ્રન અશ્વિને હિન્દી ભાષા અંગે વિદ્યાર્થીઓની પ્રતિક્રિયામાં તફાવત જોયો. આ પછી ઓફ-સ્પિનરે કહ્યું કે, મને લાગ્યું કે મારે આ કહેવું જોઈએ: હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી; તે એક સત્તાવાર ભાષા છે. આ ટિપ્પણી એવા સમયે નવી ચર્ચાને જન્મ આપી શકે છે જ્યારે તમિલનાડુના શાસક ડીએમકે સહિત ઘણા વિરોધ પક્ષોએ કેન્દ્ર પર રાજ્યોમાં ખાસ કરીને દક્ષિણમાં હિન્દી થોપવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે.

### પોલીસે કરી અટકાયત

# ૧૨માં ધોરણના વિદ્યાર્થીએ દિલ્હીની સ્કૂલોમાં બોમ્બની અફવા ફેલાવી

## શાળામાં અભ્યાસ કરતાં બે ભાઈઓએ પરીક્ષા સ્થગિત કરાવવા સ્કૂલના ઈમેઈલ પર બોમ્બની ધમકી આપી



**। (એજન્સી)** નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હીના દક્ષિણ જિલ્લામાં ૨૩ શાળાઓને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપનારો એક સગીર નીકળ્યો છે. ધોરણ બારમાં અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીએ ઈમેઈલ મારફત આ શાળાઓમાં બોમ્બ બ્લાસ્ટ કરાવવાની ખોટી ધમકી આપી હતી. પોલીસે તેની અટકાયત કરી છે. પોલીસને તપાસમાં જાણવા મળ્યું છે કે, એક બારમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતું ષડયંત્ર રચ્યું હતું. આ વિદ્યાર્થીએ પોતે જ સ્વીકાર્યું છે કે, તેણે જ શાળાઓને ધમકીભર્યા ઈમેઈલ મોકલ્યા હતા. પોલીસે થોડા સમય પહેલાં જ શોધી કાઢ્યું હતું કે, દિલ્હીની ઓછામાં ઓછી ત્રણ શાળાઓને બોમ્બ બ્લાસ્ટની ધમકી આપતાં ઈમેઈલ તેના જ વિદ્યાર્થીઓ દ્વારા મોકલવામાં આવ્યા હતાં. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલના અધિકારીએ જણાવ્યું હતું કે, એક જ શાળામાં અભ્યાસ કરતાં બે ભાઈઓએ પરીક્ષા સ્થગિત કરાવવા પોતાની જ સ્કૂલના ઈમેઈલ પર બોમ્બની ધમકી આપી હતી. કાઉન્સિલિંગમાં તેઓએ સ્વીકાર્યું કે, શાળાઓને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી મળી રહી હોવાના સમાચારો વાંચ્યા બાદ તેમને આ વિચાર આવ્યો હતો. પોલીસે તેમને ચીમકી આપી છોડી મૂક્યા હતા. ગતવર્ષે દિલ્હીની લગભગ ૪૪ શાળાઓને બોમ્બની ધમકી મળી હતી. જેમાં ઘણી શાળાઓ પાસે ૧ લાખ ડોલરની ખંડણીની માગ તેમજ ખંડણીની રકમ ન આપવા બદલ ૭૨ કલાકમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી.



ઓડિશામાં ભુવનેશ્વર ખાતે ૧૮માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કારો એનાયત કરવામાં આવ્યું.

### સલમાનની વિચારસરણી થોડી અલગ છે: સલીમ ખાન

# સલમાન સંસ્કારી છોકરી સાથે લગ્ન કરવા ઇચ્છે છે : સલીમ ખાન

**। (એજન્સી)** મુંબઈ, તા.૧૦ ।

સલમાન ખાન વર્ષોથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રાજ કરી રહ્યો છે. જ્યારે પણ સલમાનની નવી ફિલ્મ આવે છે, ત્યારે ચાહકો ખૂબ ખુશ થઈ જાય છે. ત્યારે કેટલાક લોકો તેમના અંગત જીવન વિશે પણ જાણવા માંગતા હોય છે. સલમાન ક્યારે લગ્ન કરશે, તે અંગે ચાહકોને જાણવામાં વધુ રસ હોય છે. તમને જણાવી દઈએ કે કેટરિના કૈફ, સંગીતા બિજલાની અને સોમી અલી સિવાય સલમાનનું નામ ઐશ્વર્યા રાય સાથે પણ નામ ચર્ચાયું હતું, પરંતુ સલમાને કોઈ સાથે લગ્ન કર્યા નહીં. આ વિશે તાજેતરમાં જ સલમાન



ખાનના પિતા સલીમ ખાને વાતચીત દરમિયાન કહ્યું કે, સલમાનના એક તો એ કારણે પણ લગ્ન નથી થઈ રહ્યા કારણ કે, તેની વિચારસરણી થોડી અલગ છે. બાકી ખબર નથી કે, સલમાન સાથે શું વાંધો છે. "સલમાનનો લગાવ કે પ્રેમ, એ વ્યક્તિની સાથે લગાવ રહે છે, કે તે જેની સાથે કામ કરે છે. તેઓ કામ કરતી વખતે વાતચીત કરે છે. ત્યારે એકબીજા સાથે નજીક આવે છે."

## તંત્રી લેખ...

# ભારતીય ઘરોને ઉર્જાક્ષેત્રે આત્મનિર્ભર બનાવી શકે છે

કોઈપણ ઋતુમાં ઘરમાં સહજતા, સુવિધા માટે વિજળીની જરુરત રહે છે. વિજળીની વધતી માંગને પૂરી કરવામાં અને ગ્રાહકોને વધતા વીજ બીલથી રાહત અપાવવામાં રૂફટોપ સોલાર મદદગાર વિકલ્પ બની શકે છે. જે ભારતીય ધરોને ઉર્જાક્ષેત્રે આત્મનિર્ભર બનાવી શકે છે. કાઉન્સિલ ઓફ એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટરના રીસર્ચ અનુસાર ભારતીય ઘરોમાં લગભગ ૧૦૦ ગીગાવોટ રૂફટોપ સોલર ક્ષમતા મૌજૂદ છે. રૂફટોપ સોલારય એક સોલાર ફોટોવોલ્ટિક સીસ્ટમ છે, જે અગાસી કે મકાનની ખુલ્લી જગ્યા પર લગાવવામાં આવે છે. એક કિલોવોટ ક્ષમતાના રૂફટોપ સોલાર સીસ્ટમથી પ્રતિદિન ચારથી પાંચ યુનિટ વીજળી પેદા થઈ શકે છે. આટલી વીજળીથી એક ફ્રિજ સતત ચાલી શકે છે, જયારે એકથી બે પંખા આઠ કલાક સુધી, એક ટીવી અને એક લેપટોપ ચાર કલાક સુધી અને ૨થી ૩ એલઈડી લાઈટ આઠ કલાક સુધી ચાલી શકે છે. કેન્દ્ર સરકાર પીએમ સૂર્યઘર યોજના દ્વારા ઘરો અને રહેણાંક સોસાયટીઓને રૂફટોપ સોલાર લગાવવા માટે આર્થિક સહાય આપી રહી છે. બે કિલોવોટ સુધી રૂફ ટોપ સોલાર માટે પ્રતિ કિલો વોટ ૩૦ હજાર રૂપિયા અને ૨થી ૩ કિલોવોટ સુધી પ્રતિ કિલોવોટ ૧૮ હજાર રૂપિયા પ્રત્યક્ષ સબસીડી મળે છે. તેનાથી વધુ ક્ષમતાની સીસ્ટમ પર કુલ ૭૮ હજાર સુધીની સબસીડી મળી શકે છે. પીએમ સૂર્યઘર યોજના અંતર્ગત લગાવાયેલ રૂફટોપ સોલાર સીસ્ટમની સથે પાંચ વર્ષ સુધી નિઃશુલ્ક સંચાલન અને દેખભાળ સામેલ હોય છે. રૂફટોપ સોલર ઉપભોકતાને સ્વચ્છ વીજ વપરાશ અને દેશની એનર્જી ટ્રાન્ઝિશનમાં સામેલ કરવાની સાથોસાથ આવકની પણ તક આપે છે. લગભગ ૨૦ રાજયોમાં એ સુવિધા છે કે રૂફટોપ સોલારથી ઉત્પાદિન વધારાની વીજળી વિદ્યુત વિતરણ કંપની (ડિસ્કોમ)ને વેચવામાં આવે છે. દા.ત. કોઈ ગ્રાહકની માસિક ૧૦૦ યુનિટ વીજળીનો વપરાશ છે.

## શંખ શા માટે પૂજનીય ગણાય છે?



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

સામાન્ય રીતે આપણે બધાંએ શંખ મંદિરોમાં કે દેવાલયોમાં જોયો હોય છે. ક્યારેક આપણે દેવી દેવતાઓની છબીઓમાં શંખ જોયો હોય છે. પરંતુ શંખ વિશેની જાણકારી, તેની ઉત્પત્તિ કે તેના ઉપયોગ વિશે સૌ કોઈને ઝાઝી માહિતી હોતી નથી, તેથી આ લેખમાં શંખ વિષય ઉપર પ્રકાશ પાડવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. અમુક લોકોની માન્યતા એવી છે કે શંખ દરિયામાંથી નિકળતા કોડી, છીપલાં વિગેરે જેવો જ એક પ્રકાર છે, તો ઘણાં એવું સમજે છે કે અમુક જળચર જીવોની પીઠ પર આવો પદાર્થ થાય છે, જેના થકી એ જીવ પોતાનું રક્ષણ કરી શકે છે. પરંતુ સત્ય હકિકત એ છે કે સમુદ્રમાંથી જે શંખ આકારનાં પદાર્થો નિકળે છે એને શંખ નહીં પરંતુ શંખલા કહેવામાં આવે છે. અત્યારે આપણે યાત્રા ધામોની દુકાનોમાં જે શંખ જોઈએ છીએ એ નકલી શંખ હોય છે.જેવી રીતે સાચાં મોતી મળવાં અતિ દુર્લભ છે, તેવી રીતે આજના જમાનામાં અસલ શંખ મળવો અતિ દુર્લભ છે. અસલી શંખ તો દેવો અને દાનવો વચ્ચે સમુદ્રમંથન થયું એમાંથી પ્રાપ્ત થયેલો છે. સમુદ્રમાંથી જે શંખ નિકળ્યો એ માણેરી નામનો દિવ્ય શંખ હતો અને શ્રી હરિ વિષ્ણુએ તેને પોતાના કરકમળમાં ગ્રહણ કર્યો હતો. શંખ સમુદ્રમાંથી પ્રગટ થયો હતો તેથી એનું સ્થાન અને મહત્વ પુરાણોમાં વધારે પ્રમાણમાં અંકિત થયેલું છે.પુરાણોમાં એવો ઉલ્લેખ મળે છે કે અગાઉ સમુદ્રમાં એક શંખચૂડ નામનો દાનવ રહેતો હતો અને ભગવાન શંકરે તેને પોતાના ત્રીજા નેત્ર વડે બાળીને ભસ્મ કરી દીધો હતો, પરંતુ એની પત્ની સતી અને પતિવ્રતા સ્ત્રી હતી અને એણે પોતાના સતીત્વના પ્રભાવ વડે મહાદેવજી સાથે ઉગ્ર દલીલો કરી હતી અને મહાદેવજીએ એના સતીત્વથી પ્રસન્ન થઈને જણાવ્યું કે, આ જન્મે શંખચૂડના કર્મો સારા ન હતાં અને એણે માનવતા વિહોણાં કૃત્યો કર્યા હતા, વળી એ બળીને ભસ્મ થઈ ગયો હોવાથી પુનઃસજીવન થઈ શકે નહીં, પરંતુ આવતા જન્મમાં એ શંખ થઈને અવતાર લેશે અને એનું મહત્ત્વ એકદમ વધી જશે. ત્યારપછી શંખચૂડ નામનો એ દાનવ શંખ તરીકે જન્મ્યો અને ત્રણેય લોકમાં પ્રખ્યાત થયો. શંખનું સ્થાન રામાયણ તથા મહાભારતના સમયથી પ્રચલિત છે. રામાયણ તથા મહાભારતની કથાઓમાં લખેલું છે કે, કોઈ રાજાનો રાજ્યાભિષેક કરવાનો હોય તો શંખમાં પવિત્ર ગંગાજળ ભરીને એ રાજાના મસ્તિષ્ક ઉપર મંત્રોચ્ચાર સાથે અભિષેક કરવામાં આવતો હતો. યુદ્ધ વખતે પણ વિવિધ પ્રકારના શંખો ફૂંકવામાં આવતા હતાં. મહાભારતમાં પ્રાંતઃકાળે શંખનાદ થાય એની સાથે જ યુદ્ધ શરૂ થતું હતું અને સંધ્યાકાળે શંખનાદ થતાં જ યુદ્ધ વિરામ થતો હતો. મહાભારતના યુદ્ધના પ્રથમ દિવસે ભિષ્મ પિતામહે ભયંકર શંખનાદ કર્યો હતો અને એની સામે ભગવાન શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ ફૂંક્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ બહુ પવિત્ર, પાવન અને સુવિખ્યાત હતો અને કદમાં પણ બહુ મોટો હતો. શાસ્ત્રજ્ઞો એવું કહે છે કે પાંચજન્ય શંખનો ભયંકર ધ્વનિ કેટલાંય માઈલો સુધી સંભળાતો હતો. અગાઉ માણસના નામની માફક શંખની ઓળખ માટે શંખના પણ નામ પાડવામાં આવતાં હતાં, જેવાકે યુધિષ્ઠિરના શંખનું નામ અનંતવિજય, અર્જુનના શંખનું નામ દેવદત્ત, ભીમના શંખનું નામ પૌન્ડ્રક, નકુલના શંખનું નામ સુઘોષ તથા સહદેવના શંખનું નામ મણિપુષ્પક હતું અને આ તમામે જે જે સમયે જરૂરીયાત ઉભી થઈ તે સમયે પોતાના શંખો વગાડ્યા હતાં. શંખ વગાડવો એ બહુ અઘરું અને કઠિન કામ છે કારણકે એમાં પુષ્કળ હવા ભરીને છાતી અને શ્વાસોના આરોહથી વગાડવામાં આવે છે. સામાન્ય રીતે શંખ બે પ્રકારના જોવા મળે છે ડાબેરી શંખ તથા જમણેરી શંખ. મોટાભાગે આપણને ડાબેરી શંખ વધારે પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ જેમ જમણી સૂંઢ વાળા ગણપતિ અતિ પૂજનીય છે તેવી રીતે જમણેરી શંખને લોકો વધારે પસંદ કરે છે અને પૂજાપાઠ કે ધાર્મિક કાર્યોમાં જમણેરી શંખનો જ ઉપયોગ કરવામાં આવે છે. જમણેરી શંખને લોકો પવિત્ર,પાવન અને શુકનિયાળ ગણે છે. શાસ્ત્રો તથા પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે શંખના અગ્ર ભાગમાં પવિત્ર ગંગાજી, મધ્ય ભાગમાં વરૂણ દેવ તથા પાછળના ભાગમાં બ્રહ્માજીનો વાસ હોય છે. ભગવાન વિષ્ણુએ પોતાના હાથમાં પદ્મ, ચક્ર, તથા ગદાની સાથે શંખને પણ સ્થાન આપેલું છે. ભગવાન ગણપતિએ તથા ભગવાન દત્તાત્રેયે પણ શંખને પોતાના કરકમળમાં ધારણ કરેલ છે. આના ઉપરથી શંખની મહત્તા કેવી છે તે આપણે સમજી શકીએ છીએ. શંખ ઊપરથી ભગવાન વિષ્ણુનાં અન્ય નામો જેવા કે શંખપાણિ, શંખપુષ્પ, શંખમેન્ખી, શંખ સ્વામી તથા શંખજ વિગેરે પડેલા છે.આ ઉપરાંત શંખ ઊપરથી જૈનોના પવિત્ર સ્થળનું નામ શંખેશ્વર પડેલ છે. આ ઉપરાંત શંખોદ્ધાર, શંખલદીપ, શંખધ્વનિ જેવાં ગામનાં નામો પડેલા છે. શ્રી હરિ વિષ્ણુએ શંખને પોતાના કરકમળમાં વિરાજમાન કર્યા અને મંદિરોમાં પણ શંખને સ્થાન આપવામાં આવ્યું હોવાથી શંખનું મહત્વ વધી ગયું છે અને યુગો યુગો સુધી શંખને લોકો યાદ કરશે.

### મહાભારતમાં એક ધૃત સભા જુગાર રમવાની સભા, એ હંમેશા તમોગુણ પ્રધાન હોય છે, ધર્મ સભા સત્વગુણ પ્રધાન હોય છે

# રામ રૂપી પરમાત્માનાં ચરણમાં ધજા, કુલિશ અંકુશ અને કમળ એમ ચિન્હ રેખા હોય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જટાયુ જેવું જ મહાભારતનું પાત્ર છે ભીષ્મ પિતામહ! પણ બંનેની સરખામણી શક્ય નથી, પણ બંનેને ઈશ્વરે એક નારીની લાજ બચાવવાનો ચાન્સ આપ્યો. બંનેમાં ફરક એટલો કે દ્રૌપદીની સાડી ખેંચાય અને આ દુઃશાસન, દુર્યોધન, કર્ણ અને શકુનિ જેમતેમ બોલે. દ્રૌપદી ભીષ્મ પિતામહ સામે જુવે અને કહે મને બચાવો, પણ પરિણામ શૂન્ય!**

માનસ શહીદની આઠમા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુ એ કહ્યું કે કિષ્કિંધા કાંડની સમાપ્તિ સમયે ભગવાન રામની સેનાની દક્ષિણ તરફ યાત્રા કરતી ટૂકડી કે જેના આગેવાન અંગદ માર્ગદર્શક તરીકે જામવંત અને હનુમાનજી પણ છે. આગળ સમુદ્ર છે અને સીતાજીની શોધ માટે કંઈ એંધાણ પ્રાપ્ત થયાં નથી, આગળ તો હવે જઈ શકાય એમ નથી, અને પાછા ફરીશું તો સુગ્રીવ દંડ આપશે! આ પરિસ્થિતિમાં અંગદ વિચલિત બને છે, અને સંપાત્તિ કે જે જટાયુનો નાનો ભાઈ વાનરોને જોઈ ઈશ્વરે મને ભોજન આપ્યું છે, આમ કહી ગુફામાંથી બહાર આવે છે. ત્યારે અંગદ કહે છે આપણે કાર્ય કર્યા વગર મૃત્યુ પામીશું. એક જવાનનો પત્ર આવ્યો છે કે અમે દેશ માટે શહીદ થઈએ છીએ, પણ ક્યારેક અમારો વિજય થાય છે, અને ક્યારેક કોઈ દેશદ્રોહી લોકો ને કારણે અમારો પરાજય થાય છે! રામાયણમાં આવાં લોકોને ખલ કહેવાય છે. મંગલ કાર્યમાં વિઘ્ન નાખે, કોઈનું સત્કર્મ કેમ ભંગ થાય એવું વિચારે, કોઈ ભારતીય સંસ્કૃતિ માટે સમર્પિત થતાં હોય એમાં ખલેલ કરે! ટૂંકમાં સર્વભૂત સુખાય, સર્વભૂત હિતાય અને સર્વભૂત પ્રિતાય એવું સત્કર્મ થતું હોય અને કોઈ એમાં વિઘ્ન નાખે અથવા કાર્ય પૂરું થવા ન દે! એનાં જેવો વિશ્વમાં બીજો કોઈ ખલ કોઈ નથી. મારો એ જવાનને એક જ જવાબ છે કે, દેશનાં જવાનને જય પરાજય સાથે કંઈ લેવાદેવા નથી. એને તો મૃત્યુંજય મળે છે, એટલે જય પરાજય તુચ્છ થઈ જાય છે. સીતાજીની શોધ કર્યા વગર પાછાં ફરવું પડશે, એ વાત પર અંગદ દુઃખી થાય છે, અને એજ સમયે સંપાત્તિ બહાર આવી, અને એને ખાઈ જવાની વાત કરે છે, ત્યારે અંગદ કહે છે, ધન્ય જટાયુ સમ કોઉ નાહિં! જટાયુનું નામ સાંભળીને સંપાત્તિ કહે છે, તમે એને કંઈ રીતે ઓળખો છો? એને શું થયું છે? તમે અહીં કેમ છો? સંપાત્તિ એ કહ્યું હું એનો નાનો ભાઈ છું! સૂર્યને ગળી જવા માટે એકવાર અમે બંને ભાઈઓ બહું ઉડ્યાં હતાં, મારો ભાઈ સૂર્યની ગરમી સહન કરી શક્યો નહીં, અને પાછો ફર્યો. હું અભિમાન વશ વધુ ને વધુ ઉડતો રહ્યો, અને સૂર્યની ગરમીથી મારી પાંખ બળી ગઈ, હું ધરતી પર પટકાયો, બસ ત્યારથી હું અહીં છું. અંગદ એ જટાયુ શહીદ થયા ત્યાં સુધીની વાત કરી. સંપાત્તિ દીર્ઘ દ્રષ્ટિના માલિક હતાં, એમણે લંકાના અશોક વાટિકામાં સીતાજી ઉદાસ બેઠાં છે, એ વાત કરી. આમ બંને ગીધ ભાઈઓ રામ કાર્યમાં મદદરૂપ થયા! ખાનદાની એ માત્ર લેબલની વાત નથી, ક્યારેક એ લેવલની વાત પણ છે. બંને ભાઈઓની પાંખો કપાઈ, એકની સૂર્ય એટલે કે અજવાળાં એ કાપી, અને બીજાની રાવણ, એટલે કે નિશીચર રુપે અંધારાં એ કાપી. દરેક પાસે બે પાંખ એટલે કે એક દીનતાની અને બીજી પરમાત્મા માટેની વ્યાકૂળતા! બાકી બીજી પાંખો કોઈને કોઈ કાપી નાંખતા હોય છે. જટાયુ જેવું જ મહાભારતનું પાત્ર છે ભીષ્મ પિતામહ! પણ બંનેની સરખામણી શક્ય નથી. પણ બંનેને ઈશ્વરે એક નારીની લાજ બચાવવાનો ચાન્સ આપ્યો. બંનેમાં ફરક એટલો કે દ્રૌપદીની સાડી ખેંચાય અને આ દુઃશાસન, દુર્યોધન, કર્ણ અને શકુનિ જેમતેમ બોલે. દ્રૌપદી ભીષ્મ પિતામહ સામે જુવે અને કહે મને બચાવો, પણ પરિણામ શૂન્ય! જ્યારે સીતાજી મને બચાવો આ અસૂરથી બચાવો અને જટાયુ એ જાનકીને છોડાવવા શહીદી વ્હોરી. ભીષ્મ અને જટાયુ બંને વૃદ્ધ , મેં એકવાર જટાયુની કથા કહી હતી, કે જટાયુ દશરથને કહે છે કે મારે પુત્ર નથી! કારણકે પોતે અવિવાહિત છે, જટાયુ બ્રહ્મચારી છે અને બાબા ભીષ્મ પણ નૈષ્ઠિક બ્રહ્મચારી છે. બંને કુંવારા છે, બંનેનાં જીવનમાં એક અબળાની પુકાર છે. જટાયુ એ કહ્યું મારા દેશની બહેન દીકરીનું કોઈ અપ હરણ કરે તો હું કેમ ચૂપ રહું? એ બચાવવી એ મારો સ્વધર્મ છે. મહાભારતમાં દાદો પોતાની નજર સામે દ્રૌપ દીનું ચિરહરણ રોકી શક્યો નહીં, બોલ્યો પણ નહીં! અને જટાયુ એ ચાંચ મારી મારીને લોહી કાઢી નાખ્યાં. કોઈ દિવસ એમ નહીં કહેવાય કે ભીષ્મ શહીદ થયા! મુઠ્ઠીમાં મૃત્યુ હતું પણ છ મહિના શૂળ શૈયા પર પીડાયા. રામ એ હાથ ફેરવ્યો અને જટાયુની પીડા સમાપ્ત. બંનેને અંતિમ સમયે કોઈના દર્શનની ઝંખના રહી, જટાયુને રામ દર્શનની ઝંખના અને ભીષ્મને કૃષ્ણ દર્શનની ઝંખના છે. દશરથના મિત્ર બન્યા પછી એમનાં જન્મ દિવસે જટાયુ અયોધ્યા જતાં, અને ત્યારે આંગણામાં રમતાં રામના પગની રેખાઓ એમણે જોઈ હતી અને એ ફોટો મનમાં અંકિત હતો એટલે મૃત્યુ સમયે રામના ચરણ જોયા ત્યારે એ ચરણ રેખાનું સ્મરણ થયું.

**ઉભય બીચ સિય સોહિત કૈસે,**
**બ્રહ્મ જીવ બીચ માયા જૈસે.**

તુલસીના ગ્રંથનો મહિમા કરતા કહ્યું કે જેમ ઈશ્વર અવતાર ધારણ કરે છે, એમ ગ્રંથ પણ અવતાર ધારણ કરે છે. થેલીમાં રામચરિત માનસ રાખવા કહ્યું અને ન સમજાય તો હું જીવું છું, ત્યાં સુધી તલગાજરડા આવવા કહ્યું. સાંભળ્યાં કરજો અદભુત શાસ્ત્ર છે. વનવાસમાં રામ આગળ ચાલે છે, લક્ષ્મણ પાછળ ચાલે છે, અને મા જાનકી વચ્ચે ચાલે છે. એ સમયે જાનકીએ જોયું કે ભગવાન ચાલે છે ત્યારે એનાં ચરણની રેખા પડે છે. પ્રભુ પદ રેખ બીચ બીચ સીતા. કથા તો આવી ચાલ હોય એની ગવાય! અને સીતાજીને થયું કે હું આમ પાછળ પાછળ ઘેટાંની જેમ ચાલીશ તો ક્યાંક રેખા ભૂંસાઈ જશે! એટલે જાનકી સંભીતા. મા જાનકી અને ડર એ તો ઉદ્ભવ સ્થિતિ સંહાર કારીણી ક્લેશ હારિણીમ. એને વળી ભય! જગદંબાને ભય? યાદ રાખજો બાપની, માની સુલક્ષણી પત્નીની કે ઉજળા પતિની રેખાઓ ભૂસાવી ન જોઈએ. લક્ષ્મણને એમ થાય કે મારા માબાપ ના ચરણ રેખાઓ ભૂંસાઈ જાય નહીં, એટલે એ સાચવી સાચવીને પગલાં મુક્યાં. આપણા શાસ્ત્રોમાં અદભુત છે અને એમાં ચરણની ચોવીસ રેખાનો ઉલ્લેખ છે. બાર રેખા એક પગમાં અને બીજામાં બીજી બાર! એની વ્યાખ્યાઓ લાંબી થાય. રામાયણની કથા, ભગવત્ કથા, શિવકથા, દુર્ગાકથા આ કથાઓનો જોટો જડે નહીં. રામ કૃષ્ણ પૂર્ણ બ્રહ્મ છે, એનાં ચરણમાં ચાર રેખાનો ઉલ્લેખ છે.

**ધ્વજ કુલિસ અંકુશ કંજ જુત બન ફિરત કંટક બિન લહે,**
**પદ કંજ દ્વંદ મુકુંદ રામ રમેસ નિત્ય ભજામહે.**

ભગવાન રામનો રાજ્ય અભિષેક થયો ત્યારે વેદોએ રાઘવેન્દ્રની સ્તુતિ કરી અને રામની ચરણ રેખાઓનું વર્ણન કર્યું, પરમાત્માના ચરણમાં ધજાઓ હોય, કુલિશ હોય, અંકુશ હોય, કમળ હોય અને જટાયુ પ્રાણ છોડે ત્યારે રામચરણની રેખાઓનું ચિંતન શું કામ કરે છે? એણે આ ધજાને એટલા માટે યાદ કરી કે, મારી વાસનાની ધજા ઉપર ન ચડવી જોઈએ, ઉપાસનાની ધજા ઉપર ચઢવી જોઈએ. મારી જીવનરૂપી ધજા ઉચ્ચતર ઉપાસનાથી બને. મંદિર રૂડું હોય ગર્ભ ગૃહ સુંદર હોય ભગવાનનું સિંહાસન સુવર્ણનું હોય પણ શિખર ઉપર કળશનો મહિમા છે કળશ ઉપર દંડનો મહિમાં અને છેલ્લે તેના ઉપર ફરકથી ધજાનો મહિમા છે. કુલિશ વજ્રનું જ કામ કરે. જટાયુ કહે મારો ખોરાક બરોબર નથી, હું અધમ પક્ષી, આમિષ ભોગી ઉંડુ ઉપર પણ દ્રષ્ટિ નીચી મારા બધાં પાપોની પાંખોને હે રાઘવ તમે કાપી નાખો. અંકુશ હાથીને વશ કરે, મારું મન હાથી કરતાં પણ વધુ મદોન્મત્ત થયું છે, હે હરિ તારા ચરણનાં અંકુશ મારા મનને શાંત કરો. કમળની જેમ સંસારમાં રહેવા છતાં અસંગ રહું એમ રાખજે આવાં ભાવ સાથે જટાયુ મૃત્યુ સમયે રામની પ્રતીક્ષા કરતાં હતાં. આમ જટાયુ અને ભીષ્મ બંનેનું તુલનાત્મક ચિંતન કર્યું, અને પછી કથાનાં ક્રમમાં કથાને રામ જાનકીના વિવાહ અને ત્યાર બાદ ચાર વાઘોડિયા અયોધ્યા પહોંચ્યા ત્યાં સુધી કહીને કથાને વિરામ આપ્યો.

### યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે, મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે, મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે

# “વાણી” “વર્તન” અને “વિચાર” પોતાની કંપનીની પ્રોડક્ટ છે, સાહેબ, જેટલી ગુણવત્તા ઉંચી રાખશો, એટલી વધુ કિંમત મળશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વિશ્વામિત્રની સમાધિ જડ હતી, સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઇને તેમનું મન લલચાયું હતું, બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઇએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે, કનૈયાની વાંસળી સાંભળી ગોપીઓ સહજ સમાધિ નો અનુભવ કરે છે, શ્રી કૃષ્ણ કથા નું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે.**

મકરસંક્રાંતિ ઉત્તરાયણનો થનગનાટ શરૂ થઈ ગયો છે. હાઈકોર્ટના કડક આદેશ વચ્ચે ચાઈનીઝ દોરી તુક્કલનું ધૂમ વેચાણ કેફી નશીલા દ્રવ્યોની જેમ થઈ રહ્યું છે આપણી બાહોશ પોલીસ દારૂની જેમ પાંચ દશ ચાઈનીઝ દોરીના ફીરકા પકડી મોટી બહોશી ભરી પ્રસિદ્ધિ કરાવી રહી છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કોઈના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો. તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા,મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર!આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સારના વિષયોમાં ઝેર છે, તું ખાઈશ નહીં.ખાઈશ તો તું દુઃખી થઈશ.આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ કર્ણના શિષ્ય થવું.દત્તાત્રેય ની પેઠે સર્વ ને ગુરુભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે.તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે,પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન કહી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષથ થઈ જતું નથી.જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે.નિંદ્રાનું સુખ તામસી સુખ છે.નિદ્રામાં હુંપણું અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી. યોગીઓ આત્મસ્વરૂપ માં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે.મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે. વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ.મનને પ્રતિકૂળ વિષયોમાંથી અનુકૂળ વિષયોમાં લઈ જાવ.એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે. નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી.નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી,સમાધિમાં અહંભાવ ભૂલાય છે. સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે. સમાધિના બે પ્રકાર છેઃ જડ સમાધિ અને ચેતન સમાધિ. યોગી મનને બળાત્કારથી વશ કરી પ્રાણ ના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે.એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે. વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે.કનૈયાની વાંસળી સાંભળી ગોપીઓ સહજ સમાધિ નો અનુભવ કરે છે. શ્રી કૃષ્ણ કથા નું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવાનો પ્રયત્ન કર્યો નથી.તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વકાળે સમાધિ જ લાગેલી રહે છે.તેઓને આપો આપ સમાધિ લાગે છે. આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય.યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય. એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે. પણ શ્રીકૃષ્ણ કથા એવી છે કે, જેથી અનાયાસે જગત ભૂલાય છે જગતમાં રહીને જગતને ભૂલવુંછે એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણ કથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે.શ્રીકૃષ્ણ કથાનો એ ચમત્કાર છે. મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતી કે, સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિ મળે? પણ શુકદેવજી મહારાજ એવી ચતુરીથી, ધીરે ધીરે રાજાના મનને અનાસક્ત બનાવી શ્રીકૃષ્ણ પ્રેમ માં તન્મય કરે છે. સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે,ભક્તિ વધે છે, વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણ કથામાં રાજા તન્મય બની મુક્તિ પામે છે. એકલા રાજાને માટે જતે શક્ય છે એવું નથી. આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ. ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ. શ્રીકૃષ્ણ કથા એ ભવસાગરના દુઃખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે. યોગીઓ આંખો બંધ કરીને જગતને ભૂલવાનો પ્રયત્ન કરે છે, પણ જગત ભૂલાતું નથી.તેમને એ અઘરું લાગે છે.બીજીબાજુ ગોપી ઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી? ગોપીઓની જ. શ્રીકૃષ્ણ પ્રેમનું આ કૌતુક છે. મનમાં વિરોધ ન રાખો,વાસના ન રાખો.વિરોધ અને વાસના નિરોધ માં વિઘ્ન કરે છે.તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો. તેમ જગતના ભોગ પદાર્થો ભોગવવાની વાસના ન રાખો. નિરોધ થાય છે. અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણલીલામાં અનાયાસે મનનો નિરોધ થાય છે. ઘડીભર માની લો કે, આ સંસાર સુંદર છે.તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે?મનુષ્ય સૌંદર્ય જોવા માટે કાશ્મીર વગેરે સ્થળોએ જાય છે, હા ત્યાં જવાની કંઈજ જરૂર નથી કારણ કે ખરું સૌંદર્ય અંતરમાં છે, ઈશ્વરમાં છે.તે સૌંદર્ય જોવા પ્રયત્ન કરો. પરમાત્માના કોઈ પણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે.ભાગવત એમ કહેતું તથી કે,ફક્ત શ્રીકૃષ્ણમાં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માં તન્મય થાઓ. તમને ગમે તે ઈશ્વરનું સ્વરૂપ તમે અપનાવો. એકાંત અનન્ય ભક્તિ રાખો અને અન્યને અંશરૂપ માની તેને કંદન કરો.આ પ્રમાણે બીજા માં અંશા ત્મક પ્રેમ રાખો તો પછી ભક્તિમાં રાગદ્વેષ આવશે નહીં, તેજ અનન્ય ભક્તિ છે. અનન્ય ભક્તિ એવું નથી કહેતીકે બીજાને તુચ્છ કરવા.સ્ત્રીનો સોળઆની પ્રેમ પોતાના પતિમાં હોય છે,પણ પતિનાં બીજાં સગાંઓમાં તે અંશાત્મક પ્રેમ રાખી તેમની સેવા પણ કરે છે બીજા તરફ પ્રેમ રાખે છે, તેથી તેના પતિ પરના પ્રેમમાં કશી ન્યૂનતા આવતી નથી. તેવું જ અનન્ય ભક્તિનું છે. શ્રીકૃષ્ણ કથા અનાયાસે મુક્તિ આપનારી છે. મુક્તિ આત્માને મળતી નથી.આત્માને મુક્ત થવાનો કોઈ પ્રશ્ન જ નથી. આત્મા સદા મુક્ત છે. આત્મા પરમાત્માનો અંશ છે તેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે.કેટલાક આત્માને પરમાત્માનો અંશ માને છે.તેઓ અંશ અંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવ લોકમાં મારો જ અંશ છે,એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે.આ વિશે શંકર સ્વામી કહે છે કે,જીવ ઈશ્વરના અંશ જેવો છે,પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે.ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ- મહાકાશ એક જ છે,પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે. તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી. એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે. ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે,તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે અખંડ છે.તેના ટુકડા થઈ શકેનહીં આમ તત્ત્વદૃષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છેએ બરાબર નથી પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે.વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે.બિંદુઓનો સાગર છે, પણ બિંદુએ સાગર નથી. રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે. બીજા આચાર્યો વળી કહે છે કે, જીવ બદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજે છે.

### ફિલ્મના ધબડકા અંગે વરુણ ધવન મૌન

# લોકોએ 'થેરી' જોઈ લીધી હતી, તેથી 'બેબી જોન' ફ્લોપ રહીઃ રાજપાલ યાદવ

વરુણ ધવનની એક્શન ફિલ્મ 'બેબી જોન' બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે. ફિલ્મના બજેટ જેટલો ખર્ચ પણ વસૂલ થઈ શક્યો નથી. ફિલ્મની નિષ્ફળતાના પગલે વરુણ ધવન સહિતની સમગ્ર ટીમ ઊંડા આઘાતમાં છે ત્યારે અન્ય એક્ટર રાજપાલ યાદવે સંભવિત કારણ શોધી લીધું છે. રાજપાલનું માનવું છે કે, લોકોએ અગાઉથી 'થેરી' જોઈ લીધી હતી અને તેના કારણે 'બેબી જોન' ખાસ ચાલી નહીં. ઉલ્લેખનીય છે કે, 'થેરી'ની ઓફિશિયલ રીમેક તરીકે આ ફિલ્મ બની હતી. રાજપાલ યાદવના મતે, 'બેબી જોન' ઘણી સારી ફિલ્મ છે, પરંતુ તમિલ ફિલ્મ 'થેરી'ની રીમેક તરીકે બની હોવાથી તે ખાસ ચાલી નહીં. આ ફિલ્મ રીમેક ન હોત તો આ ૨૫ વર્ષની કરિયરની આ ઉત્તમ ફિલ્મ બની શકત. તમિલ 'થેરી' ઓડિયન્સે જોયેલી હતી અને તેના કારણે બોક્સઓફિસ પર અસર પડી હતી. બેબી જોન કાલીસ દ્વારા ડાયરેક્ટ થઈ હતી અને એટલી તેનો પ્રોડ્યુસર છે.



'બેબી જોન' રૂ.૧૮૦ કરોડના ખર્ચે બની હતી અને તેને ભારતીય બોક્સઓફિસ પર માત્ર ૫૦ કરોડની આવક થઈ હતી. તેમાં વરુણની સાથે કિર્તી સુરેશ, વામિકા ગબ્બી અને જેકી શ્રોફ પણ મહત્ત્વના રોલમાં છે. બોક્સઓફિસ પર નિષ્ફળતાના કારણે વરુણ ધવન નિરાશામાં સરી પડ્યો હોવાનું નકારતા રાજપાલે કહ્યું હતું કે, વરુણ દર વખતે અલગ કરવા મથે છે અને જોખમ લેવા બદલ તેની પ્રશંસા થવી જોઈએ. રાજપાલ યાદવે બેબી જોનમાં કોન્સ્ટેબલ રામ સેવકનો રોલ કર્યો છે. ડીસીસી સત્યા વર્મા એટલે કે વરુણ ધવનના જુનિયરના રોલમાં રાજપાલ છે. આ ફિલ્મ સાથે રાજપાલ યાદવે ૨૫ વર્ષની કરિયરમાં પ્રથમ વખત એક્શન સીન પર હાથ અજમાવ્યો છે. ઓડિયન્સની પસંદ-નાપસંદ સમજવામાં પાવરધા એટલીએ રાજપાલ યાદવની જેમ આ બાબતે વિચાર કર્યો હોત તો કદાચ રીમેક બનાવવાનો વિચાર પડતો મૂક્યો હોત.

# નવા એક્ટર્સ માટે ટકવું અઘરું, આજના દર્શકો ભૂલ ચલાવી લેતા નથીઃ અજય

અજય દેવગનની ફિલ્મો તો નિયમિત આવતી રહે છે બોક્સ ઓફિસ પર સારી ચાલે પણ છે. ત્રણેક દાયકાથી વધુનું સ્ટારડમ હોવા છતાં અજયે પણ નિષ્ફળતાનો સામનો કરેલો છે. અજયનું માનવું છે કે, દર્શકોની વિચારધારા બદલાઈ છે. નવા એક્ટર્સ માટે દર્શકોના દિલમાં સ્થાન બનાવવું અઘરું થઈ ગયું છે. ભૂતકાળમાં દર્શકો માફ કરી દેતાં હતાં અને તેમની ભૂલો જતી કરતાં હતાં. તેથી નવા આવનારા કલાકારો માટે પડકારો વધી ગયા છે. અજય દેવગનના ભત્રીજા અમન દેવગને તાજેતરમાં 'આઝાદ' ફિલ્મમાં રવિના ટંડનની દિકરી રાશા થડાની સાથે ડેબ્યુ કર્યું છે. આ ફિલ્મના ટ્રેલર લોંચ પ્રસંગે અજયે એક ઈન્ટરવ્યૂમાં આ વાત કરી હતી. બોલિવૂડમાં એન્ટ્રીના સમયને યાદ કરતા અજયે કહ્યું, ''એ દિવસોમાં અમે કામ કરવાની સાથે જ નવી બાબતો શીખતા હતા. ત્યારે નવું શીખવા માટે ઘણો સમય અને છૂટછાટ મળતી હતી.દર્શકો પણ માફ કરી દેતાં હતાં અને અમારી ભૂલો જતી થઈ જતી હતી. પરંતુ આજના દર્શકો ઘણા સતેજ છે અને એ બહુ સમાધાન નથી કરતા. તેનાથી આજના સફળ કલાકાર હોય કે નવા આવતા કલાકારો, બધા પર જવાબદારીઓ



વધી જાય છે. તેમણે તૈયારી સાથે આવવું પડશે અને એવું પ્રદર્શન પણ કરી બતાવવું પડશે.'' અજયે આગળ કહ્યું, ''મને લાગે છે કે આજની પેઢી પણ ઘણી તૈયારી સાથે આવે છે. કારણ કે દરેકને અંતે પોતાનું શ્રેષ્ઠ દર્શાવવું પડે છે.'' અજયે એવું પણ કહ્યું કે તેને આઝાદમાં કામ કરવું બહુ ગમ્યું કારણ કે તેમાં ઘોડાઓ છે. તેના જમાનામાં એવી ઘણી ફિલ્મો બનતી જેમાં ઘણા ઘોડાનો ઉપયોગ થતો હતો. રોની સ્ક્રૂવાલા અને પ્રજ્ઞા કપૂરે પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મમાં અજય એક ડાકુનો રોલ કરી રહ્યો છે. જેમાં માણસ અને ઘોડા વચ્ચેનો અતૂટ પ્રેમ પણ દર્શાવાયો છે. ઘણા વર્ષો પછી ડાકુ અને જમીનદારોની વાર્તા ધરાવતી એક ફિલ્મ જોવા મળશે, જે ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થવાની છે.

### કોલ મી બેમાં એક અતિ ધનાઢ્ય પરિવારની છોકરીની વાત છે

# અભિનેત્રી અનન્યા પાંડેની ચિંતા

અનન્યાએ થિએટર રિલીઝ ઉપરાંત ગત વર્ષે એક વેબ સિરીઝ અને ઓટીટી ફિલ્મ કરી હતી. 'કૉલ મી બૅ' અને 'સીટીઆરએલ'. આ બંને શોમાં તેનો રોલ મહત્વનો હતો તેમજ તેની કૅરિઅરમાં પણ ઓટીટી ફિલ્મ- શો મહત્વના પડાવ માનવામાં આવે છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં અનન્યાએ ખુલાસો કર્યો છે કે તેને સતત સ્ક્રિન પર જોઈને લોકો કદાચ કંટાળી જશે અને રિસ્પોન્સ આપવાનું છોડી દેશે, તેવો તેને ડર હતો. અનન્યા કહે છે, ''આ બંને શોમાં મારું મુખ્ય પાત્ર હતું. સીટીઆરએલમાં પણ દરેક સીનમાં હું છું. હું એ વિચારે નર્વસ થઈ ગઈ હતી કે, શું લોકોને એ ગમશે, શું તેઓ મારાથી કંટાળી જશે, તેમને મને જ દરેક સીનમાં જોવી નહીં ગમે?'' જોકે, આ બંને શોને ઘણો સારો પ્રતિસાદ મળ્યો અને તેમાં તેના પાત્ર તેમજ અભિનયના વખાણ પણ થયાં છે.કૉલ મી બૅમાં એક અતિ ધનાઢ્ય પરિવારની છોકરીની વાત છે, જે પોતાની અલગ ઓળખ બનાવે છે. તેમાં હાસ્ય અને મનોમંથન સાથે જીવનની વાસ્તવિકતા અને કટાક્ષની વાત કરવામાં આવી છે. ''આ શોનું હાસ્ય તેને જોનાર સમજી જાય છે અને તેમાં સમૃદ્ધ લોકો પર એક કટાક્ષ છે. મને લાગતું હતું કે લોકો તેને સમજી શકશે કે નહીં? અને તેમને એમાં હસવું આવશે કે નહીં?''



વિક્રમાદિત્ય મોટવાણેએ ડિરેક્ટ કરેલી ફિલ્મ 'સીટીઆરએલ'માં પણ અનન્યા બિલકુલ નવા પ્રકારના રોલમાં જોવા મળી. આ એક અલગ પ્રકારની ટેક્નોલોજી આધારિત ફિલ્મ હતી. આ બંને સિરીઝ-ફિલ્મની વાર્તા અનન્યાની આસપાસ પરતી હોવા છતાં ઘણી અલગ હતી તેમજ તેને દર્શકોનો ઘણો સારો પ્રતિસાદ પણ મળ્યો છે. બંનેમાં અનન્યામાં એક કલાકાર તરીકે આવેલું પરિવર્તન પણ જોઈ શકાય છે. તેથી વિવેચકોએ પણ તેના આ નિર્ણયને આવકાર્યો છે.

# ધનશ્રીનો મસાજ કરાવતો વીડિયો થયો વાયરલ

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ-તેની કોરિયોગ્રાફર પત્ની ધનશ્રી વર્મા હાલમાં તેમના છૂટાછેડાને લઈને ચર્ચામાં છે. હાલ તો બંનેમાંથી કોઈએ પણ આ સમાચારને સમર્થન આપ્યું નથી, પરંતુ બંનેની સોશિયલ મીડિયા એક્ટિવિટીને જોઈને ફેન્સ તેમના ડિવોર્સને કન્ફર્મ માની રહ્યા છે. ક્યારેક ધનશ્રી વર્મા તો ક્યારેક યુઝવેન્દ્ર ચહલ સોશિયલ મીડિયા પર એવી ક્રિપ્ટીક પોસ્ટ કરી રહ્યા છે જે લોકોને એમ વિચારવા પ્રેરી રહી છે કે બંને વચ્ચે બધું બરાબર નથી. હાલમાં જ ધનશ્રીનો આવો જ એક થ્રોબેક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો બહુ જૂનો નથી. આ વીડિયો ધનશ્રીએ એક મહિના પહેલા જ પોતાના ફેન્સ સાથે શેર કર્યો હતો, પરંતુ હવે તે છૂટાછેડાના સમાચાર વચ્ચે વાયરલ થયો છે. વાયરલ વીડિયોની વાત કરીએ તો આ વીડિયોમાં ધનશ્રી માથાનો મસાજ કરાવતી અને મસાજ કરનાર વ્યક્તિ સાથે ચિલ કરતી જોવા મળે છે.ફેન્સને તો ધનશ્રીની આવી કુલ સ્ટાઈલ ઘણી પસંદ આવી રહી છે. એને જોઈને એમ લાગતું જ નથી કે ધનશ્રી અને યુઝવેન્દ્ર ડિવોર્સ લેવાના હોય. ધનશ્રી એકદમ કુલ રીતે બધું હેન્ડલ કરી રહી છે. ધનશ્રી અને ચહલના લગ્ન ૨૨ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ થયા હતા. લગ્નના ચાર વર્ષ બાદ તેમના છૂટાછેડાની અફવાઓ સામે આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો આ કપલ ઘણા સમયથી એકબીજાથી અલગ રહે છે. ટૂંક સમયમાં જ બંને છૂટાછેડાના સમાચારની પુષ્ટિ કરી શકે છે. છૂટાછેડાની અફવાઓ દરમિયાન ચહલ હોટલની બહાર એક મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળ્યો હતો. ધનશ્રીની વાત કરીએ તો તે ડેન્ટિસ્ટ છે, પણ તેણે કોરિયોગ્રાફરની કારકિર્દી અપનાવી છે.

# 'પુષ્પા ૨' ૨૦ મિનિટના બોનસ ફૂટેજ સાથે થીયેટરમાં આવશે

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાનો લીડ રોલ ધરાવતી 'પુષ્પા ૨' અપેક્ષા મુજબ જ ફાયર સાબિત થઈ છે. આ ફિલ્મની રિલીઝને એક મહિનો પૂરો થયો છે ત્યારે થીયેટર વર્ઝનમાં ૨૦ મિનિટના બોનસ ફૂટેજ ઉમેરવામાં આવ્યા છે. 'પુષ્પા ૨'નું આ રી લોડેડ વર્ઝન ૧૧ જાન્યુઆરીથી થીયેટરમાં જોવા મળશે. અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨'ની રિલીઝ બાદ કોઈ ફિલ્મ તેની સામે ટકી શકી નથી. પુષ્પાનો પાવર વધારવા માટે વધારાની ૨૦ મિનિટ ઉમેદવારમાં આવશે. 'પુષ્પા ૨'ના નવા પોસ્ટર સાથે મેકર્સે એક્સ પ્લેટફોર્મ પર અપડેટ આપી હતી. જેમાં જણાવાયુ હતું કે, પુષ્પા ૨ ધ રુલના રી-લોડેડ વર્ઝનમાં ૨૦ મિનિટ ઉમેરવામાં આવશે. સિનેમામાં નવું વર્ઝન ૧૧ જાન્યુઆરીથી આવશે. વાઈલ્ડ ફાયર હવે એક્સ્ટ્રા ફાયરી બની છે. નવા પોસ્ટરમાં ફિલમના જાપાન સીક્વન્સની ઝલક અપાઈ છે. આ સીનને ટ્રેલરમાં દર્શાવાયો હતો, પરંતુ થીયેટર વર્ઝનમાંથી તેને દૂર કરાયો હતો. નવા કન્ટેન્ટ સાથે પુષ્પા ૨ની વધારાની ૨૦ મિનિટ જોવા માટે ઓડિયન્સ પણ ઉત્સુક છે. 'પુષ્પા ૨'ના રી-લોડેડ વર્ઝનને રિલીઝ કરવાનો નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે તેલુગુ રાજ્યોમાં મકરસંક્રાંતિ પર્વ પર ત્રણ મોટી રિલીઝ આવી રહી છે. જેમાં રામચરણ તેજાની 'ગેમ ચેન્જર', નંદમુરી બાલક્રિશ્નાની 'ડાકુ મહારાજ' અને વેંકટેશ દુગ્ગુબાતીની 'સંક્રાંતિ વસ્થુનામ' રિલીઝ થઈ રહી છે. એક મહિના સુધી બોક્સ ઓફિસ પર અડીખમ રહેલી 'પુષ્પા ૨'ને રીપિટ ઓડિયન્સ મળે અને નવી રિલીઝનો મુકાબલો થઈ શકે તે હેતુથી ૨૦ મિનિટ ઉમેદરવામાં આવી છે. ૩૦ દિવસ દરમિયાન 'પુષ્પા ૨'ને વર્લ્ડવાઈડ રૂ.૧૮૩૧ કરોડની આવક થઈ છે. જેમાંથી ૧૪૩૮ કરોડ ભારતીય બોક્સ ઓફિસનું કલેક્શન છે. આ ફિલ્મે 'બાહુબલિ ૨'ને પછડાટ આપીને સૌથી વધુ આવક મેળવનારી ભારતીય ફિલ્મની યાદીમાં પ્રથમ સ્થાન મેળવી લીધું છે.




# સવારે ૯ની શિફ્ટમાં રાત્રે ૯ વાગ્યે આવતો

### અસલામતીની લાગણીના કારણે ગોવિંદામાં ઘણો સુધારો આવ્યો હોવાનું શક્તિ કપૂરે જણાવ્યું

ગોવિંદા ૮૦ અને ૯૦ના દાયકાનો સુપરસ્ટાર મનાતો હતો, જે એકસાથે દસથી પણ વધારે ફિલ્મોમાં કામ કરતો હતો. ગોવિંદા ઘણી ફિલ્મોના સેટ પર સમયસર પહોંચતો નહોતો અને હંમેશા સેટ પર મોડા પહોંચવા માટે પંકાયેલો હતો. જો કે હવે તે ઘણો સુધરી ગયો છે. એ વખતે પણ તેના અભિનય અને તેની લોકપ્રિયતાને કારણે લોકો તેની આ ટેવને જતી કરતા હતા.તાજેતરમાં શક્તિ કપૂરે એક ઈન્ટરવ્યૂમાં પોતાનો અને ગોવિંદાનો સુવર્ણકાળ યાદ કરતા કહ્યું હતું કે, એ અને ગોવિંદા જ્યારે હૈદરાબાદમાં એક કવ્વાલીનું શૂટ કરતા હતા ત્યારે તેને સામમે ભીડમાં એક નીચો માણસ દેખાયો હતો, જે પહેલાં તો ઓળખાયો નહીં પરંતુ પછી તેને ખ્યાલ આવ્યો કે તે



આમિર ખાન હતો. આમિર કે એ જોવા આવ્યો હતો કે, ગોવિંદા કઈ રીતે લાંબા શોટ્સમાં પણ ગીત સાથે પોતાના હોઠના હલન-ચલનનો તાલ મિલાવીને એક જ ટેકમાં એ સીન પૂરો કરી દેતો હતો. આમિરે એવું પણ કહ્યું હતું કે તે ગોવિંદાનો બહુ મોટો ફેન હતો. આટલા વર્ષો દરમિયાન ગોવિંદામાં આવેલા પરિવર્તન અંગે વાત કરતાં શક્તિ કપૂરે કહ્યું હતું કે, તેની સમયસર આવવાની આદત સુધરી ગઈ છે. તેમણે એ પણ યાદ કર્યું જ્યારે ગોવિંદા સવારે ૯ વાગ્યાની શિફ્ટ માટે રાત્રે ૯ વાગે આવતો હતો. હવે એ સવારે સાડા આઠે પહોચી જાય છે.



# વામિકા ગબ્બી દસ વર્ષ પછી તેલુગુ ફિલ્મમાં પાછી ફરીને ખુશ

**૨૦૧૮માં રિલીઝ થયેલી ફિલ્મ 'ગૂડાચારી'ની આ સિક્વલ સાથે વામિકા ગબ્બી ૧૦ વર્ષે તેલુગુ ફિલ્મોમાં પાછી ફરી રહી છે**


ઈમરાન હાશ્મી અને અદિવિ સેશના લીડ રોલ સાથે વિનય કુમારે 'જી૨'નું શૂટિંગ શરૂ કર્યું છે. હવે આ ટીમમાં વામિકા ગબ્બી પણ જોડાઈ છે. ૨૦૧૮માં રિલીઝ થયેલી ફિલ્મ 'ગૂડાચારી'ની આ સિક્વલ સાથે વામિકા ગબ્બી ૧૦ વર્ષે તેલુગુ ફિલ્મોમાં પાછી ફરી રહી છે. ફિલ્મનું પોસ્ટર શેર કરી અદિવિ સેશ દ્વારા આ અંગે એનાઉન્સમેન્ટ કરવામાં આવી હતી. આ ફિલ્મમાં વામિકા પણ તેની જેમ એક જાસૂસના રોલમાં હશે તેવા સંકેત આપવા માટે અદિવિએ એક્સ પર ટ્વીટ કરી હતી, ''પરાક્રમોમાં મારી ભાગીદાર. મિશનમાં સ્વાગત છે, વામિકા ગબ્બી. તારી સાથે યુરોપમાં ભાગવાની મજા આવશે. આ તોફાનની ઝલકની આ મહિનાથી શરૂઆત થશે. જી૨ ગૂડાચારી ૨''




વામિકાએ નવા પ્રોજેક્ટ અંગે પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું, ''સ્પાય.એક્શન.એડવેન્ચર.જી૨ સાથે. મારી આગામી ફિલ્મ જાહેર કરતાં અતિ ઉત્સાહી અને ખુશ છું. જોરદાર કો-સ્ટાર અદિવિ સેશ સાથે કામ કરવાની મજા આવી જવાની છે. ઈમરાન સરને સેટ પર મળવા પણ ઉત્સુક છું.''તાજેતરમાં જ વામિકાએ સેશ સાથે યુરોપમાં શૂટ પૂરું કર્યું છે. વામિકા આ ફિલ્મ સાથે દસ વર્ષે તેલુગુ સિનેમામાં ફરી કામ કરવાની છે, આ અંગે તેણે એક નિવેદનમાં કહ્યું હતું, ''હું જી૨ની અતિ રહસ્યમય સફરનો ભાગ બનવા અતિ આતુર છું. આ પહેલી ફિલ્મ સાથે એક નોંધપાત્ર બેન્ચમાર્ક બનશે, આ દુનિયામાં પ્રવેશ રોમાંચક અને પડકારજનક બંને રહ્યો છે. ટેલેન્ટેડ કાસ્ટ અને ક્રૂ સાથે કામ કરીને મને મારી મર્યાદાઓથી ઉપર જઈને કામ કરવાની અને મારા પાત્રમાં મારી નવી ઊર્જા ઉમેરવાની પ્રેરણા મળી છે. અમે જે અદભૂત વસ્તુ બનાવી રહ્યા છીએ તેનો ઓડિયન્સને અનુભવ કરાવવા હું ઉત્સુક છું.'' વામિકાએ છેલ્લે ૨૦૧૫માં તેલુગુ ફિલ્મ ભાલે માંચી રોજુમાં કામ કર્યું હતું. જ્યાં ગૂડાચારી ફિલ્મ પૂરી થઈ હતી, ત્યાંથી જ આ ફિલ્મની શરૂઆત થશે. તેમાં મુરલી શર્મા, સુપ્રિયા યારલાગડ્ડા, મધુ શાલિનિ અને બનિતા સંધુ જેવા કલાકારો છે, આ ફિલ્મ તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ અને હિન્દીમાં રિલીઝ થશે.



# શાહરૂખ ખાનના રસ્તે રિતિક રોશનઃ એક વર્ષમાં ત્રણ બિગ બજેટ ફિલ્મનું આયોજન



શાહરૂખ ખાને લાંબા કમબેક બાદ પણ એક્ટર્સને સફળતા મળી શકતી હોવાનું સાબિત કર્યું છે. ૫૮ વર્ષ વટાવ્યા પછી પણ 'જવાન' બનેલા શાહરૂખે ૨૦૨૩ના વર્ષમાં બોક્સઓફિસ પર સપાટો બોલાવ્યો હતો અને ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપી પાંચ વર્ષનું સાટું વાળી દીધું હતું. રિતિક રોશને પણ શાહરૂખ પાસેથી પ્રેરણા લઈને ૨૦૨૫ના વર્ષમાં બોક્સઓફિસ પર છવાઈ જવાની તૈયારી કરી છે. આ વર્ષે રિતિક રોશનની ત્રણ બિગ બજેટ ફિલ્મોનું આયોજન થયેલું છે. છેલ્લા પાંચ વર્ષમાં રિતિકની ત્રણ ફિલ્મો રિલીઝ થયેલી છે. ૨૦૨૦ અને ૨૦૨૧માં રિતિકની કોઈ ફિલ્મ આવી ન હતી. ૨૦૨૨માં 'વિક્રમ વેધા', ૨૦૨૩માં 'ટાઈગર ૩'માં રિતિકનો ઉલ્લેખ હતો. ૨૦૨૪માં 'ફાઈટર' રિલીઝ થઈ હતી. રિતિકની બંને ફિલ્મો ખાસ ચાલી ન હતી. છેલ્લા પાંચ વર્ષનું સાટું વાળતો હોય તેમ ૨૦૨૫માં રિતિકની ત્રણ બિગ બજેટ ફિલ્મોનું આયોજન છે. સંજોગવશાત રિતિકની પ્રથમ ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'ને પણ ૨૫ વર્ષ થઈ રહ્યાં છે. આમ કરિયરની સિલ્વર જ્યુબિલિને શાનદાર રીતે ઉજવવા રીતે કમર કસી છે. રિતિક રોશનના ડાન્સ મૂવ્સ અને એક્શન સાથેના સ્વેગને 'વોર'માં ખૂબ પ્રશંસા મળી હતી. ટાઈગર શ્રોફ સાથેની આ ફિલ્મની સીક્વલ સ્વતંત્રતા દિવસે રિલીઝ થવાની છે.


છેલ્લા પાંચ વર્ષનું સાટું વાળતો હોય તેમ ૨૦૨૫માં રિતિકની ત્રણ બિગ બજેટ ફિલ્મોનું આયોજન છે

આ ફિલ્મમાં રિતિક રોશન નવી પેઢીની એક્ટ્રેસ કિયારા અડવાણી સાથે જોડી જમાવશે. સાઉથના સુપર સ્ટાર જુનિયર એનટીઆર વિલનનો રોલ કરશે. રસપ્રદ વાત એ છે કે, જુનિયર એનટીઆરનો લીડ રોલ ધરાવતી 'દેવરા'માં બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાને વિલનનો રોલ કર્યો હતો. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી ત્યારે જુનિયર એનટીઆરની વિલનગીરી ફિલ્મને કેટલો લાભ કરાવે છે તે જોવું રહ્યું. 'વોર ૨'નું શૂટિંગ ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ થયું હતું. દિલધડક એક્શન સીક્વન્સવાળી આ ફિલ્મના ક્લાઈમેક્સનું મુંબઈમાં શૂટિંગ થયું છે.

# ઝાલોદ આઈ.ટી.આઈ સામે રામશરણમ્ સેવા સમિતિ દ્વારા રામ નામ દીક્ષાનો કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

આજરોજ તારીખ ૧૦-૦૧-૨૦૨૫ ના રોજ આઈ.ટી.આઈ સામે આવેલ ખુલ્લી જગ્યામાં રામશરણમ્ સમિતિનો દાહોદ જિલ્લા સ્તરનો સુંદર પ્રોગ્રામ યોજાયો હતો. બ્રહ્મવિદ્ સ્વામી સત્યાનંદજી મહારાજના આશીર્વાદ થી અમૃતવાણી, સત્સંગ અને રામ નામની દીક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન કેવી રીતે જીવવું તે વિશે સુંદર ક્ષાન આપવામાં આવ્યું હતું. આજના આ સુંદર પ્રોગ્રામમાં આખું વાતાવરણ રામ નામ મંત્રથી ગુંજી ઉઠયું હતું.

આજની આ સત્સંગ સભામાં અનુશાસનનું પાલન, સમય પાલન, આડંબર વિહીન જીવન જીવું, ઉચ-નીચ, જાત-પાત ધનવાન-ગરીબ, નાના-મોટા, વગેરેનો ભેદભાવ રાખ્યા વગર હરી કિર્તન કરે તે સાચો માનવ. આજના આ સત્સંગમાં સહુ થી મોટા ગુરુ રામ છે જે તેને ભજે તે આજના યુગનો સાચો માનવી. આ કળિયુગમાં આત્મ કલ્યાણ નો સરળ માર્ગ રામનામ સત કીર્તન છે તેમજ આ પૃથ્વી પર માનવ બની જન્મ લીધો છે તો શ્રી રામ કીર્તન કરી તેમને પામી જન્મ સફળ બનાવું જોઈએ તેવું સુંદર ક્ષાન આપવામાં આવ્યું હતું.

આજની આ સત્સંગ કાર્યક્રમમાં ૨૦૯૮ લોકોએ રામનામની દીક્ષા લીધી હતી તેમાં ૧૧૯૫ પુરુષ તેમજ ૯૦૩ મહિલાઓ હતી. આજની આ સત્સંગ સભામાં ઉપસ્થિત સહુ લોકો દ્વારા સુંદર શિસ્ત પાલન અને અનુશાસન જોવા મળતું હતું.

# ઝાલોદ પંચાલ યુવક મંડળની નવી કારોબારી મંડળની સર્વ સંમતિથી નિમણૂક કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ પંચાલ સમાજ દ્વારા દર વર્ષે વિવિધ સામાજિક પ્રોગ્રામ તેમજ ધાર્મિક કાર્યક્રમો ઉત્સવ રૂપે ઉજવાતા હોય છે. નગરમાં સામાજિક એકતાનું ઉત્તમ તેમજ સુંદર ઉદાહરણ પૂરું પાડતું પંચાલ સમાજ નગરમાં દરેક હિન્દુ ઉત્સવોમા પણ આગળ પડતું જોવા મળે છે. આગામી વર્ષ માટે સમાજને સારી દિશા પુરી પાડવા માટે પંચાલ સમાજ દ્વારા સર્વ સંમતિ થી યુવક મંડળની રચના કરવામાં આવેલ છે.

પંચાલ યુવક મંડલ ઝાલોદની નવી રચના વિશ્રવકર્માઁ મંદિરે સમાજના સદસ્યોની હાજરીમાં કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, કોષાધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે-પરાગકુમાર હિંમતભાઇ પંચાલ, ઉપપ્રમુખ પદે- પરિકક્ષીતકુમાર પરેશભાઇ પંચાલ, મંત્રી પદે-પારસકુમાર જીતેન્દ્રભાઇ પંચાલ ,સહમંત્રી પદે- વિક્રાંતકુમાર મહાસુખલાલ પંચાલ, કોષાધ્યક્ષ પદે-નિતેશકુમાર નરેન્દ્રભાઇ પંચાલ તેમજ કારોબારી સભ્યોમા સંદિપકુમાર રમેશભાઇ પંચાલ, કલ્પેશકુમાર હસમુખભાઇ પંચાલ, બિરેનકુમાર ઈશ્વરભાઇ પંચાલ, મયુરકુમાર ભગવાનદાસ પંચાલ, કરનકુમાર શૈલેષભાઇ પંચાલ, હિમાંશુકુમાર નિલેશભાઈ પંચાલ, મયુરકુમાર વિજયભાઇ પંચાલ, સાગરકુમાર જીતેન્દ્રભાઇ પંચાલ,શ્રેયસકુમાર મનોજભાઇ પંચાલ, હર્ષઁકુમાર વિનોદભાઇ પંચાલ, ઈલેષકુમાર હરિલાલ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી.

# ગાંધીનગરના રાયસણ-રાંદેસણમાં આવેલા શ્રી પંચેશ્વર મંદિરના સાનિધ્યમાં શ્રી રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ગાંધીનગરના રાયસણ-રાંદેસણમાં સુદ બારસ શનિવાર તારીખ ૧૧મીના રોજ શ્રી પંચેશ્વર મંદિરના સાનિધ્યમાં શ્રી રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી થશે.

આ ઉજવણી અંતર્ગત આ રામયજ્ઞ સવારે ૮:૩૦ કલાકે મુખ્ય યજમાન શ્રી પટેલ દિલીપ ભાઈ નટવરભાઈ (રાયસણ )ના હસ્તે થશે. જ્યારે આચાર્યશ્રી અલ્પેશભાઈ જાની( વલાદ વાળા) આ યજ્ઞનો શુભારંભ કરાવશે. ત્યારબાદ ૫૬ ભોગ અન્નકૂટ દર્શન અને આરતી થશે. આ ઉપરાંત ૮:૩૦ કલાકે શ્રી રામસખા મંડળ ગાંધીનગર દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

શ્રી પંચેશ્વર રામજી મંદિર વહીવટી કમિટીના જણાવ્યા મુજબ અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ ઉપર પ્રભુ શ્રીરામ લલ્લાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની સાથે જ તે જ તારીખ અને સમય પંચેશ્વર મંદિર પરિસરમાં શ્રી રામજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે આ પ્રસંગે રાયસણ- રાંદેસણ કોબા સહિત સમગ્ર ગાંધીનગરની જનતાને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

### અમદાવાદમાં વિવિધ સેજા ખાતે યોજાયો 'પોષણ ઉત્સવ-૨૦૨૪'

# માંડલ, ધોળકા, દસ્ક્રોઈ, વિરમગામ, સાણંદ ખાતે આરોગ્ય - પોષણના વિષયને લગતા વિવિધ કાર્યક્રમો યોજાયા



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદના વિવિધ તાલુકાઓ ખાતે જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના આઈસીડીએસ દ્વારા સેજા(સેક્ટર) કક્ષાનો 'પોષણ ઉત્સવ-૨૦૨૪' કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદના માંડલ, ધોળકા, દસ્ક્રોઈ, વિરમગામ, સાણંદ ખાતે આરોગ્ય-પોષણના વિષયને લગતા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અનુક્રમે ટ્રેન્ટ, આંબારેલી, ગાણોજ, નાંદેજ, મણિપુરા, સિંગરવા અને વિરોચનગર સેજા (સેક્ટર) ખાતે સગર્ભા બહેનો તથા કિશોરીઓને THR(ટેક હોમ રેશન), મિલેટસ્ અને સરગવામાં રહેલા પોષક તત્વો અને રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ કરવા માટેના કારણો અને પરિણામો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સાથે જ, મિલેટ્સના ફાયદા અને તેનાથી મળતા પોષણ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત, કાર્યક્રમમાં વિસરાતી જતી વાનગીઓ અને તેની આહાર પદ્ધતિઓ વિશે જાણકારી આપ વામાં આવી હતી. કાર્યક્રમમાં આયોજિત વાનગી સ્પર્ધાના વિજેતા લાભાર્થીઓ અને કાર્યકરોને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિવિધ નગર પાલિકાના સદસ્યો, આગેવાનો, આરોગ્ય વિભાગનો સ્ટાફ, શાળાના શિક્ષકો, આઈસીડીએસનો સ્ટાફ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષસ્થાને મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા "શાળાનો ઐતિહાસિક વાર્ષિક મહોત્સવ" યોજાયો



। (માહિતી) ભરૂચ, તા.૧૦ ।

શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળ સંચાલિત શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા "શાળાનો ઐતિહાસિક વાર્ષિક મહોત્સવ"માં રાજ્યનાં કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા પટાંગણમાં આવી પહોંચતા શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી નૃત્યની સાથે આવકાર કરવામાં આવ્યો હતો. રાજ્યનાં કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષતામાં યોજાયેલ "શાળાનો ઐતિહાસિક વાર્ષિક મહોત્સવ ૨૦૨૪-૨૫" ની ઉજવણીમાં જણાવ્યું હતું કે, ૧૯૫૯ ના સાલમાં શરૂ થયેલી આ શાળા વિદ્યાર્થીઓના કારકિર્દીમાં મહત્વનો ફાળો રહ્યો છે. આ શાળાના માધ્યમ થકી આદિવાસી વિદ્યાર્થીઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધીને ભારત દેશના વિકાસ માટે મહત્વનો ભાગ ભજવી રહ્યાં છે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિકસિત ભારત ૨૦૪૭નું સ્વપ્ન સાકાર અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જેમાં એક મહત્વ નિર્ણય છે તે શિક્ષણક્ષેત્રે નવી નીતિ અપનાવી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. મંત્રીશ્રી ડીંડોરે વધુમાં ઉમેર્યું કે, આજનો યુવાન આવતી કાલનું ભવિષ્ય છે. ત્યારે વિદ્યાર્થીઓ તમામ પ્રકારનું શિક્ષણ મેળવે અને પોતાના ગામ, સમાજ અને દેશનું નામ રોશન કરે. નવી શિક્ષણ નીતિના મૂલ્યો જેવા કે, પરિશ્રમ, સમર્પણ, ટેકનોલોજી ઉપયોગ કરી નવું સંશોધન, નવા વિચારો, સેવાનો ભાવ, વિવિધતામાં એકતા જેવા મુલ્યો અપનાવી દેશને આગળ વધારવા તત્પર રહેવુ જોઈએ. વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સુવિચારોના વાંચીને જીવનમાં આગળ વધવાનો સંદેશ પણ આપ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારશ્રી દ્વારા આદિવાસી સમાજના વિકાસ માટે અનેક યોજનાનો અમલમાં મુકવામાં આવી છે. જેના થકી આદિવાસી વિદ્યાર્થીઓ આગળ વધીને અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યાં છે. શિક્ષણને લગતી વ્યવસ્થા, ફ્રિ શીપ કાર્ડ, રહેવાની વ્યવસ્થા, નમો સરસ્વતી યોજના સહિતની અનેક યોજનાઓ અમલમાં મુકી છે. જેનો સૌએ લાભ લેવો જોઈએ. ભરૂચ સાંસદશ્રી મનસુખભાઈ વસાવા જ્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય સ્કૂલમાં ભણ્યા હતા જેની યાદગાર ક્ષણોને યાદ કરી જીવનમાં મેળવેલ સિદ્ધિઓ અંગે સૌની સમક્ષ રજૂ કરી વિદ્યાર્થીઓએ જીવનમાં આગળ વધવાનો સંદેશ આપ્યો હતો. આ વેળાએ માજી ધારાસભ્યશ્રી અને શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કે.મંડળ પ્રમુખશ્રી પી.ડી.વસાવાએ શાળાનો ટૂંકો ઈતિહાસ અંગે માહિતી આપી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણાદાયક ઉદ્‌બોધન આપ્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓનું શ્રીફળ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કેબિનેટ મંત્રીના હસ્તે શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજપીપલા શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલયના આચાર્યશ્રી યોગેશકુમાર એમ. વસાવાએ ઉપસ્થિત સૌનુ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ૨૨ જેટલી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

# એસ.એમ.પટેલ સ્કૂલ, બાવળા ખાતે યોજાયેલી ખો ખો સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનોની કુલ ૪૮ ટીમોએ ભાગ લીધો



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અમદાવાદ જિલ્લાની તાલુકા કક્ષા ખો ખો સ્પર્ધાઓ બાવળાની એસ.એમ.પટેલ સ્કૂલ ખાતે યોજાઈ હતી.

ભાઈઓ અને બહેનો માટે યોજાયેલી એક દિવસીય ખો ખો સ્પર્ધાઓમાં કુલ ૪૮ ટીમોએ ભાગ લીધો હતો. અંડર ૧૪, અંડર ૧૭ અને અબોવ ૧૭ વય જૂથમાં ખેલાડીઓ ભાઈઓ બહેનોએ ખો ખો સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. અંડર ૧૪માં ભાઈઓની ૧૦ ટીમો અને બહેનોની ૧૬ ટીમો, અંડર ૧૭માં ભાઈઓની ૮ ટીમો અને બહેનોની ૬ ટીમો તથા અબોવ ૧૭ વય જૂથમાં ભાઈઓ અને બહેનોની ૪-૪ ટીમોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્યના જિલ્લા રમતગમત અધિકારી ડૉ. અમિત ચૌધરી અને બાવળા તાલુકા રમત કન્વીનર કિશનભાઈએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યાં હતા. તાલુકા કક્ષાની સ્પર્ધાઓની વિજેતા ટીમો જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

# ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિએ નવસારીની મુલાકાત લીધી

। (માહિતી) સુરત, તા.૧૦ ।

ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિએ આજે નવસારી જિલ્લામાં નિર્માણ પામી રહેલા પ્રોજેકટોમાં નવસારી ખાતે પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર તથા બીલીમોરા ખાતે વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર ડેમની સ્થળ મુલાકાત કરીને હાલની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. સમિતિના અધ્યક્ષ અને સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવી તથા સર્વ સભ્યોનું હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરતના સિંચાઈ વર્તુળ અધિક ઈજનેરશ્રી એસ બી દેશમુખ અને નવસારી ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી એમ સી પટેલે પ્રોજેકટની વિગતવાર માહિતી આપતા સમિતિ પ્રોજેક્ટના કાર્યથી પ્રભાવિત થઈ હતી. ગુજરાત વિધાનસભામાં અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિમાં ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિના અધ્યક્ષ અને સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવીની સાથે કુલ ચાર સભ્યો પૈકી દાંતાના ધારાસભ્યશ્રી કાન્તિભાઈ ખરાડી, દાહોદના ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી અને વ્યારાના ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણી અને છોટા ઉદયપુરના ધારા સભ્યશ્રી રા-જેન્દ્રસિંહ રાઠવા મુલાકાતમાં જોડાયા હતા.

### પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીની પાવન ઉપસ્થિતિમાં શ્રી મોહન ભાગવતજીએ કર્યું

# શ્રીમદ્ રાજચંદ્ર વેટરનરી કોલેજનું શિલાપૂજન અને તકતી અનાવરણ

। (માહિતી) સુરત, તા.૧૦ ।

શ્રીમદ્ રાજચંદ્રજીની ધરમપુરમાં પધરામણીના ૧૨૫માં વર્ષ અને આરએસએસના ૧૦૦માં વર્ષમાં પ્રવેશની ઉજવણીઓની થઈ દિવ્ય શરૂઆત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા શ્રી મોહન ભાગવતજીએ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી દ્વારા સંસ્થાપિત વિશ્વવ્યાપી આધ્યાત્મિક અભિયાન શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરની મુલાકાત લીધી હતી. આ એક એવું તીર્થસ્થાન છે જ્યાં ગહન શાંતિના ગુંજારવમાં યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીનો આધ્યાત્મિક વારસો પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી દ્વારા આગળ વધારવામાં આવી રહ્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ધરમપુરમાં કરેલ પધરામણીના ૧૨૫માં વર્ષ અને આરએસએસના ૧૦૦માં વર્ષમાં પ્રવેશ આ બંને પ્રસંગને લક્ષમાં લઈ થયેલ આ મુલાકાતને તેઓએ આધ્યાત્મિક યાત્રા ગણાવી હતી. શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે અત્યંત અહોભાવ અને શ્રીમદ્જીના સંદેશને વિશ્વના લાખો લોકો સુધી પહોચાડનાર પૂજ્ય ગુરુદેવશ્રી



રાકેશજી માટેનો પ્રેમાદર શ્રી ભાગવતજીને અહીં ખેંચી લાવ્યો હતો. આ મુલાકાત દરમિયાન તેઓએ આશ્રમના વિવિધ સ્થળોની મુલાકાત લઈ મિશન દ્વારા દેશ વિદેશમાં ચાલી રહેલ અનેક સેવાયજ્ઞોની ઝાંખી મેળવી હતી. તેમણે અહીંના જિનમંદિરમાં બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીના દર્શન-પૂજાનો લાભ પણ લીધો હતો.

આશ્રમની સ્પિરિચ્યુઅલ વેલીમાં બિરાજમાન શ્રીમદ્ રાજચંદ્રજીની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાજીનો મહામસ્તકાભિષેક કરતાં તેઓ ભાવવિભોર બની ગયા હતા.

**વિશેષ** નર્મદા જિલ્લાના ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરતા ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ

# નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં એ.પી. એમ.સી. ગરૂડેશ્વર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન યોજાયું

। (માહિતી) નર્મદા ।

નર્મદા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે યોગ્ય માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ યોજના અંતર્ગત, પ્રોજેકટ ડાયરેક્ટર, આત્મા-નર્મદા દ્વારા નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં એ.પી.એમ.સી. ગરૂડેશ્વર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન યોજાયું હતું. કૃષિ મેળો, પાક પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન પ્રસંગે ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખએ જણાવ્યું કે, ખેડૂતોને કેન્દ્રમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અનેક કલ્યાણકારી યોજનાઓ લાગુ કરી ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં હિતકારી પગલાં ભરી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતો માટે સતત ચિંતા કરે છે અને પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અપનાવે તેઓ આગ્રહ રાખી રહ્યા છે. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનું વ્યાપક પ્રમાણમાં



જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા માટે સરકાર દ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યાં છે. પ્રાકૃતિક કૃષિના આ અભિગમને નર્મદા જિલ્લાના ખેડૂતો પણ સહર્ષ સ્વીકારી રસાયણિક ખાતર અને જંતુનાશકોનો ત્યાગ કરી ગામે ગામ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે. જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો સરકારશ્રીની કલ્યાણકારી યોજનાનો લાભ લઈ સમૃધ્ધિ તરફ આગળ વધી સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી હતી. ધારાસભ્યશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આપણે ત્યાં બંટી, નાગલી, બાજરી, જુવાર, લાલ ચોખા જેવા જાડા ધાન્યોની ખેતી કરતા હતા. તે પણ લોકો ભૂલી રહ્યાં છે. ખરેખર આ જાડા ધાન્યો જ આપણા શરીર માટે ગુણકારી છે. ખેડૂતો તેની ખેતી કરી ઉંચા ભાવે વેચાણ કરી આર્થિક સમૃદ્ધિ મેળવી શકે તેવા આયામો હવે ઉપલબ્ધ છે. આવી ખેતી કરતા ખેડૂતોને યોગ્ય બજાર મળી રહે તે માટે પણ સરકારશ્રી અને સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિલેટ્સ ધાન્યોનું મૂલ્ય સમગ્ર વિશ્વ સમક્ષ મૂકી ખેડૂતોને ગૌરવ અપાવ્યું છે. જેના પગલે આજે પ્રાકૃતિક કૃષિ સાથે ખેડૂતો આ પૌષ્ટિક ધાન્યોની પણ ખેતી કરતા થયા છે. પ્રાકૃતિક કૃષિમાં સમયનો બચાવ થાય છે, સારું પાક ઉત્પન્ન થાય છે. તેમ તેઓએ કહ્યું હતું. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેંદ્ર, દેડીયાપાડા ખાતેથી આવેલ કૃષિ વૈજ્ઞાનીક ડૉ. વિનુભાઈએ પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. તદઉપરાંત પ્રાકૃતિક ખેતી કરતાં ખેડુતો શ્રી રાજેશભાઈ, નામશરણભાઈ અને અશોકભાઈએ તેઓના પ્રાકૃતિક કૃષિના અનુભવો શેર કરી જંગલ મોડેલ અંગે વિગતવાર ખેડૂતોને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. પ્રસંગને અનુરૂપ જય શ્રી બ્રમાણી ભવાઈ કલામંદિર લુણાવાડાથી આવેલ કલાકારોએ ભવાઈ થકી પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતતા કેળવાય તે માટે ભવાઈનો કાર્યક્રમ યોજ્યો હતો. પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા ખેડૂતો અને તેના માટે ખેડૂતોને તાલીમ આપી રહેલા ટ્રેનર્સ જેઓએ સિદ્ધી હાંસલ કરી છે તેમને મહાનુભાવોના હસ્તે પ્રશસ્તીપત્રો/ સ્મૃતિ ચિંહો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાદમાં મહાનુભાવો અને કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ કૃષિ પ્રદર્શન અર્થે ઊભા કરાયેલા વિવિધ સ્ટોલની મુલાકાત કરી જાણકારી મેળવી હતી. જુદા જુદા સ્ટોલ જેવાકે પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન સ્ટોલ, આત્મા પ્રોજેકટ, ખેતીવાડી, બાગાયત, પશુપાલન, કૃષિ વિજ્ઞાન કેંદ્ર, સામાજીક વનીકરણ, આઈ.સી.ડી.એસ., આરોગ્ય, બેંક, ટપક સિંચાઈ પધ્ધતિ જેવા વિવિધ સ્ટોલ ઉપરથી વિગતવાર મળી રહે તે માટે ખેડૂતોને માર્ગદર્શન /સાહિત્ય પુરૂં પાડ્યું હતું.

## ગૂગલ મેપના સહારે આસામ પોલીસ ભૂલથી નાગાલેન્ડમાં પહોંચી ગઈ

। (એજન્સી) ગુવાહાટી, તા.૧૦ ।

ગૂગલ મેપ્સના કારણે આસામ પોલીસ ગેરમાર્ગે દોરાઈ હોવાની ઘટના સામે આવી છે. ૧૬ સભ્યોની પોલીસ ટીમ ભૂલભૂલમાં નાગાલેન્ડ પહોચી ગઈ હતી અને સ્થાનિકો દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ, આસામ પોલીસ ગૂગલ મેપ્સની ભૂલના કારણે નાગાલેન્ડના મોકોકચૂંગ જિલ્લામાં પહોચી ગઈ હતી. સ્થાનિકોએ તેમને ગુનેગાર સમજીને તેમની પર હુમલો કર્યો હતો. આ ઘટના ત્યારે ઘટી હતી જ્યારે, પોલીસ ટીમ એક ગુનેગારને પકડવા માટે દરોડો પાડવા નીકળી હતી. ત્યારે, હથિયારબંધી પોલીસ અજાણતા રાજ્યની સરહદ પાર કરીને પડોશી રાજ્યમાં પહોચી ગઈ હતી. પોલીસ ટીમના ૧૬ સભ્યો પાસે હથિયાર હોવાથી ગામડાના લોકોએ તેમને ગુનેગાર સમજીને તેમને બંધક બનાવી લીધા હતા. ત્યારબાદ, તેમને માર માર્યો હતો.

## ૪૫ ટકા પરિવારોને બચતમાં ૨૫% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

તાજેતરમાં શરૂ થયેલા ૨૦૨૫ના વર્ષમાં ફક્ત ૨૪% અથવા દરેક ૫ ભારતીયોમાંથી ૧ જ તેમની ઘરગથ્થુ આવકમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. જ્યારે ૪૫ ટકા પરિવારોને નવા કેલેન્ડર વર્ષમાં બચતમાં ૨૫% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા છે તેમ તાજેતરમાં જાહેર કરાયેલા એક સર્વેમાં દર્શાવવામાં આવ્યું છે. ૧૬,૧૧૧ વ્યક્તિઓના પ્રતિભાવો પર આધારિત લોકલસર્કલ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં ૨૦૨૫માં તેમની ઘરગથ્થુ બચત વિશે પૂછવામાં આવતા, માત્ર ૨૭% લોકોએ કહ્યું કે તેઓ તેમની બચતમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. બીજી બાજુ, સર્વેમાં સામેલ ૪૫% પરિવારો આ કેલેન્ડર વર્ષમાં બચતમાં ૨૫% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. મોટાભાગના ઘરોમાં આવક વૃદ્ધિનો અભાવ, સતત ઊંચા ખાદ્ય ફુગાવા સાથે, ભારતીયોએ ૨૦૨૪ માં વિવેકાધીન ખર્ચમાં ઘટાડો કર્યો છે, રિટેલરોએ ઈલેક્ટ્રોનિક્સ, ઘરેલું ઉપકરણો અને વ્યક્તિગત વાહનોના વેચાણમાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ નોંધાવી છે. ભારતીય પરિવારો નવા કેલેન્ડર વર્ષમાં પણ ફુગાવામાં વધુ વધારો થવાની અપેક્ષા રાખે છે જ્યારે નબળા સેન્ટિમેન્ટને કારણે ગ્રાહક વિશ્વાસમાં ઘટાડો થયો છે, એમ રિઝર્વ બેંકના નવેમ્બરમાં થયેલા ભવિષ્યલક્ષી સર્વેક્ષણો દર્શાવે છે. ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓના સર્વેક્ષણ દર્શાવે છે કે ઉત્તરદાતાઓનો થોડો મોટો હિસ્સો સપ્ટેમ્બર ૨૦૨૪ના રાઉન્ડની તુલનામાં ભાવ અને ફુગાવામાં વધારો થવાની અપેક્ષા રાખે છે.

### લોસ એન્જેલસની આગ વધુ વિકરાળ થઇ રહી છે

# દાવાનળથી સમગ્ર USમાં હાહાકાર: $57 અબજનું નુકસાન

### નેશનલ હોકી લીગની મેચો, ક્રિટીક્સ ચોઈસ એવોર્ડ, ઓસ્કાર નોમિશન સહિત અનેક કાર્યક્રમો ખોરવાયા

। (એજન્સી) લોસ એન્જેલસ, તા.૧૦ ।

અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જેલસના જંગલોમાં મંગળવારની રાત્રે લાગેલી ભીષણ આગ અમેરિકાના ઈતિહાસમાં સૌથી વિનાશક કુદરતી આફતો બની છે. ભારે પવનને કારણે બેકાબુ બનેલા દાવાનળથી ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે અને એક હજારથી વધુ ઈમારતો બળીને ખાખ થઈ ગઈ છે. દાવાનળને કારણે આશરે ૫૭ અબજ ડોલરનું નુકસાન થયું હોવાનો પ્રારંભિક અંદાજ છે અને આશરે એક લાખથી વધુ લોકોએ ઘર છોડીને ભાગી જવાની ફરજ પડી છે. આગ હોલિવૂડ હિલ્સ સુધી ફેલાઈ હોવાથી ઘણા હોલિવૂડ સેલિબ્રિટીના બંગલાઓ પણ રાખ બન્યાં હતાં. ભયાનક આગને કારણે સાન્ટા મોનિકા અને માલિબુની પ્રીમિયમ પ્રોપર્ટીઝને નુકસાન થયું છે.આ વિસ્તારોમાં ઘરની



સરેરાશ કિંમતો આશરે ૨૦ લાખ ડોલરથી વધુ છે. એક્યુવેધરના જણાવ્યા અનુસાર ૫૨થી ૫૭ અબજ ડોલરના નુકસાનનો પ્રારંભિક અંદાજ છે. ભારે પવન કારણે વધુ રહેણાંક વિસ્તારોમાં આગ ફેલાવાની ધારણા છે અને તેનાથી વધુ ઘરોનો નાશ થઈ શકે છે. ૧૯૮૦થી નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના ઐતિહાસિક ડેટા મુજબ ૨૦૦૫માં કેટરીના વાવાઝોડાને કારણે સૌથી વધુ ૨૦૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું. ૨૦૧૮ કેલિફોર્નિયામાં લાગેલી આગને કારણે અંદાજે ૩૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું.આગને કારણે સધર્ન કેલિફોર્નિયાના આશરે ૧.૭ કરોડની વસ્તી માટે હવાની જોખમી બની છે. પૂર્વ લોસ એન્જલસમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૭૩ રહ્યો હતો. દાવાનળને કારણે નેશનલ હોકી લીગ ની મેચો અને ક્રિટીક્સ ચોઈસ એવોર્ડ સહિત અસંખ્ય કાર્યક્રમો ખોરવાઈ ગયા છે. ઓસ્કાર એકેડેમી એવોર્ડના વોટિંગની સમયગાળામાં વધારો કરાયો હતો. યુનિવર્સલ સ્ટુડિયોએ થીમ પાર્કની કામગીરી અને ફિલ્મ નિર્માણ બંને સ્થગિત થઈ ગયા હતા. ઉત્તર કેલિફોર્નિયામાં આશરે ૩.૧૦ લાખ ગ્રાહકો વીજળી સપ્લાય વિહોણા બન્યા હતા. લોસ એન્જલસ કાઉન્ટી સૌથી વધુ અસરગ્રસ્ત બન્યું હતું. તમામ લોસ એન્જલસ યુનિફાઈડ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સંસ્થાઓ ગુરુવાર સુધી બંધ રહેશે.લોસ એન્જલસ કાઉન્ટીના ફાયર ચીફ એન્થોની મેરોને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે બીજા છ રાજ્યોના અગ્નિશામકોને કેલિફોર્નિયામાં મોકલવામાં આવી રહ્યા છે. ૧,૦૦૦ કર્મચારીઓ સાથેની વધારાની ૨૫૦ એન્જિન કંપનીઓને ખસેડવામાં આવી રહી છે.કેલિફોર્નિયામાં ભયાનક દાવાનળને કારણે પ્રેસિડન્ટ જો બાઈડેને તેમની ૩ દિવસની ઈટાલી મુલાકાત રદ કરી હતી અને વોશિંગ્ટનમાં રહેવાનું પસંદ કર્યુ હતું. પ્રેસિડન્ટ તરીકે રોમ અને વેટિકનની આ તેમની છેલ્લી મુલાકાત હતી. આ મુલાકાત દરમિયાન તેઓ પોપ ફ્રાન્સિસ, ઈટાલીને વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીને મળવાના હતાં. ભીષણ આગ હોલિવૂડ હિલ્સ સુધી ફેલાઈ હતી.

## નેમાર પોતાની અંતિમ મેચ ફુટબોલ વર્લ્ડ કપ ૨૦૨૬ રમવાનો પ્રયત્ન કરશે



। (એજન્સી) બ્રાઝિલ, તા.૧૦ ।

બ્રાઝિલના દિગ્ગજ ફુટબોલર નેમારે પોતાની નિવૃત્તિને લઈને મોટી જાહેરાત કરી દીધી છે. તેણે એ વાતનો ખુલાસો કરી દીધો છે કે તે અંતિમ ઈન્ટરનેશનલ મેચ ક્યારે રમશે. નેમારની ઉંમર ૩૪ વર્ષ થઈ ચૂકી છે અને તેની સામે ફિટનેસને મેનેજ કરવાનું લક્ષ્ય છે. નેમાર પોતાની અંતિમ મેચ ફુટબોલ વર્લ્ડ કપ ૨૦૨૬ રમવાનો પ્રયત્ન કરશે. આ વર્લ્ડ કપમાં બ્રાઝિલ ટ્રોફી જીતીને નેમારને યાદગાર વિદાય આપવાનો જરૂર પ્રયત્ન કરશે. બ્રાઝિલની ટીમ વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ પ્રક્રિયાની હજુ પણ ૬ મેચ બાકી છે. જેમાં તે ટોપ-૬માં સ્થાન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

બ્રાઝિલના સ્ટાર ફુટબોલર નેમારે સંન્યાસને લઈને કહ્યું કે હું જાણું છું કે આ મારો અંતિમ વર્લ્ડ કપ, મારી અંતિમ તક હશે અને હું આમાં રમવા માટે દરેક શક્ય પ્રયત્ન કરીશ. ૩૨ વર્ષનો નેમાર એક વર્ષથી વધુ સમયથી બ્રાઝિલ માટે રમ્યો નથી. નેમાર છેલ્લા થોડા સમયથી ઈજાની સમસ્યાથી પસાર થઈ રહ્યો છે. જેના કારણે તેણે પોતાના કરિયરને લઈને મોટો નિર્ણય કરી લીધો છે.

બ્રાઝિલનો સ્ટાર ખેલાડી નેમાર ટીમમાં ફોરવર્ડ ખેલાડી તરીકે રમે છે. તેણે પોતાના ઈન્ટરનેશનલ કરિયરની પહેલી મેચ ૧૦ ઓગસ્ટ ૨૦૧૦એ સંયુક્ત રાજ્ય અમેરિકા વિરુદ્ધ રમી હતી. જેમાં નેમારે એક ગોલ કર્યો હતો. તેણે અત્યાર સુધી બ્રાઝિલ માટે ૧૨૮ મેચ રમી છે. જેમાં નેમારે ૭૯ ગોલ કર્યાં છે. તે બ્રાઝિલ માટે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે. આ મામલે નેમારે દિગ્ગજ ફુટબોલર પેલેને પણ પાછળ છોડી દીધો છે. પેલેએ પોતાના ઈન્ટરનેશનલ કરિયરમાં ૭૭ ગોલ જ કર્યાં હતા.

# લોસ એન્જલસની આગ પૃથ્વી પરનાં સ્વર્ગ સમાન હોલીવુડ-હીલ્સ સુધી પહોંચી

### દક્ષિણ કેલિફોર્નિયાના સમુદ્રતટથી અંદરના વિસ્તારમાં ભભૂકી ઉઠેલો દાવાનળ હવે પૃથ્વી ઉપરના સ્વર્ગ સમાન હોલિવૂડ હીલ્સ સુધી પહોંચી ગયો છે

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૧૦ ।

દક્ષિણ કેલિફોર્નિયાના સમુદ્રતટથી અંદરના વિસ્તારમાં ભભૂકી ઉઠેલો દાવાનળ હવે પૃથ્વી ઉપરના સ્વર્ગ સમાન હોલિવૂડ હીલ્સ સુધી પહોંચી ગયો છે. અનેક સેલિબ્રિટીઝને તેઓના ઘરો ખાલી કરી નાસી જવું પડયું છે. ઘરો તો ભસ્મીભૂત થઈ ગયા છે. ઓસ્કાર એવોર્ડ મોકુફ રખાયો છે. પ્રમુખ જો બાયડેન તેઓની વિદેશ યાત્રા - ઈટાલીની મુલાકાત રદ કરી છે.મંગળવારથી શરૂ થયેલી આગ સમુદ્ર ઉપરથી ૫૦ માઈલની ઝડપે ફૂંકાતા પવનોને લીધે બેકાબુ બની ગઈ છે. સેંકડો ઘરો આગની ઝપટમાં આવી ગયા છે. ખ્યાતનામ ફિલ્મી હસ્તીઓ સહિત હજ્જારો લોકોને તે વિસ્તાર ખાલી કરાવવો પડયો છે.આગ એટલી વ્યાપક છે કે ૧૧૦ લાઈબંબાઓ કામે લગાડયા છે. છતાં કાબુમાં આવી શકી નથી. બીજા લાઈબંબાઓ બોલાવવા પડયા છે. હેલિકોપ્ટર્સથી જળ છંટકાવ કરવો ભયાવહ હોઈ વિમાનો દ્વારા જળ છંટકાવ થઈ રહ્યો છે.

પ્રમુખ બાયડેને સમવાયતંત્ર તરફથી તમામ સહાય કરવામાં વચન પ્રમાણે સમવાયતંત્રના અધિકારીઓ પણ ત્યાં પહોંચી ગયા છે. જો બાયડેને ઠ ઉપર લખ્યું હતું કે, અમે જે કંઈ બને તેટલું જે કંઈ જરૂરી હોય તેટલું જેટલા સમય સુધી જરૂરી હોય તેટલું કરવા તૈયાર જ છીએ. કેલિફોર્નિયાની આગ કાબુમાં લાવવી જ પડશે અને તે પછી કેલિફોર્નિયાને બેઠુ કરવામાં પણ તમામ સહાય પ હોંચાડવામાં આવશે જ. આપણે જાણીએ જ છીએ કે તે માટે સમય પણ ઘણો જશે. સમવાયતંત્રી સરકાર તમારી સાથે જ છે. સાથે જ રહેશે.આ વડવાનલે (જંગલની આગે) પૃથ્વી પરના સ્વર્ગ સમાન હોલિવૂડ હીલ્સને ઘેરી લીધી છે. તેથી ખ્યાતનામ હાસ્ય કલાકાર બિલી ક્રિસ્ટલ અને તેમનાં પત્ની ૪૫ વર્ષથી જે ઘરમાં રહેતા હતા તે ઘર છોડી બહાર નીકળી જવું પડયું હતું. તેઓએ કહ્યું હું અને જેનીસ ૧૯૭૯થી આ ઘરમાં રહેતાં હતાં. અહીં જ મારા પુત્રો અને પૌત્રોને ઊછેર્યા હતા. તે ઘર પ્રેમથી ભર્યું ભાદર્યું રહેતું હતું. તેનાં સુંદર સંસ્મરણો કદી ભૂલાશે નહીં. તેમ બિલિ ક્રીસ્ટલે એક્સ પર પોતાનું હૃદય ઠાલવતાં લખ્યું હતું.

### જોખમી માર્ગે ઇંગ્લેન્ડમાં પ્રવેશતા લોકોને પકડવામાં મદદ મળશે

# બ્રિટને ગેરકાયદે ઇમિગ્રેશનને અટકાવવા નવા પ્રતિબંધો જાહેર

। (એજન્સી) લંડન, તા.૧૦ ।

બ્રિટને ગેરકાયદેસર સ્થળાંતરને અટકાવવા ‘વિશ્વમાં પ્રથમ’ નવા પ્રતિબંધોની વ્યવસ્થા જાહેર કરી છે. જેનો હેતુ દેશમાં ગુનાખોરોને પ્રવેશતા અટકાવવાનો તેમજ તેમના ગેરકાયદે ફાઈનાન્સ પર અંકુશ લાદવાનો છે. સરકારે જણાવ્યું હતું કે, નવા પ્રતિબંધો ગેરકાયદે સ્થળાંતર અને સંગઠિત ઈમિગ્રેશન અપરાધને ધ્યાનમાં રાખીને લગાવાયા છે. પ્રતિબંધોની મદદથી ઓથોરિટી જોખમી પ્રવાસ કરતા લોકોને પકડી શકશે. નવા પ્રતિબંધ ચાલુ વર્ષે જ અમલી બનવાની ધારણા છે. સરકારની કાનૂની એજન્સીઓ તેમજ હોમ ઓફિસના નિષ્ણાતો ગેરકાયદે સ્થળાંતરને રોકવા માટે ફાઈનાન્સિગનો પ્રવાહ અટકાવવા જરૂરી પગલાં ભરશે. જેમાં સમગ્ર યુરોપમાં જોખમી રીતે દરિયાને પાર કરવાની પ્રવૃત્તિ પણ સામેલ છે.વડાપ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે, “આપણી સરહદોનું ઉલ્લંઘન કરતી અપરાધી ગેંગનું માળખું વિખેરવું જરૂરી છે. સ્મગલર્સ દ્વારા સમગ્ર યુરોપમાં લોકોની હેરાફેરીને અટકાવવા અમે બ્રિટનની સરહદોની સુરક્ષા માટે આપેલું વચન પાળીશું. અમે અમારી પોલિસીમાં હિંમતભર્યા અને નવતર પગલાં લઈશું. મારી સરકાર આગામી વર્ષોમાં લોકોનું જીવન બચાવવાના તેમજ સરહદની સુરક્ષા માટેના પગલાં લેશે.” લેબર પાર્ટીની સરકારના ‘પ્લાન ફોર ચેન્જ’નો હેતુ ઈંગ્લિશ ચેનલને પાર કરીને જોખમી નાની બોટો દ્વારા દેશમાં પ્રવેશતા લોકોને અટકાવવવાનો છે. ઉપરાંત, તે ગેરકાયદે સ્થળાંતરને ઘટાડવાના પગલાં તરીકે શરણાર્થી હોટેલ્સના નિયમિત ઉપયોગને પણ બંધ કરાવવા માંગે છે.બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમીએ જણાવ્યું હતું કે, “ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપ મેન્ટ ઓફિસ (એફસીડીઓ) વગર ગેરકાયદે સ્થળાંતરને અટકાવવાનું ‘બિલકુલ અવાસ્તવિક’ છે.”

### બોમ્બે હાઈકોર્ટનો વધુ એક મહત્ત્વપૂર્ણ ચુકાદો

# મા-બાપ વચ્ચે વિવાદને લીધે બાળકનો પાસપોર્ટનો હક છીનવી ન શકાય

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વ પૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે માબાપ વચ્ચેના વૈવાહિક વિવાદને કારણે સગીરનો પાસપોર્ટ મેળવવાનો અને વિદેશ પ્રવાસ કરવાનો અધિકાર છીનવી ન શકાય. વિદેશ પ્રવાસનો અધિકાર બંધારણે આપેલા મૂળભૂત અધિકારનું એક પાસું છે. કોર્ટે પુણે પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ (RPO)ને ૧૭ વર્ષની કિશોરીને બે અઠવાડિયામાં પાસપોર્ટ જારી કરવાનો આદેશ પણ આપ્યો હતો. આવા કેસોમાં યાંત્રિક અભિગમ અપનાવવા માટે હાઈકોર્ટે પાસપોર્સ ઓથોરિટીનો ઉધડો લીધો હતો અને જણાવ્યું હતું કે હાલની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પાસપોર્ટ ધારાની જોગવાઈઓને અમલ કરવો જોઈએ. આરપીઓએ નવેમ્બર ૨૦૨૪માં કિશોરીને માતાને જણાવ્યું હતું કે કિશોરીની પાસપોર્ટ અરજી પર પ્રક્રિયા કરવામાં આવશે નહીં, કારણ કે તેના પિતાએ તેની સામે વાંધો ઉઠાવ્યો છે. તેના જવાબમાં કિશોરીની માતાએ જણાવ્યું હતું કે દંપતી વચ્ચે વચ્ચે છૂટાછેડા કોર્ટ કેસ ચાલતો હોવાથી પાસપોર્ટ ફોર્મમાં મિતાની મંજૂરી લેવામાં આવી નથી. હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે પિતાએ નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપ્યું ન હોવાથી અરજદાર કિશોરીના મૂલ્યવાન બંધારણીય અધિકારને છીનવી શકાય નહીં. કિશોરી તેની માતા સાથે રહે છે અને ધોરણ ૧૦ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થી છે. આટલા ઊંચા માર્કને કારણે જાપાનની સ્ટડી ટુર માટે તેની પસંદગી કરાઈ છે. કોર્ટે જણાવ્યુ હતું કે બંધારણના કલમ ૨૧માં વ્યક્તિગત સ્વતંત્રતાનો ઉલ્લેખ છે. તેમાં વિદેશ પ્રવાસ કરવાનો અધિકાર શામેલ છે. કાયદામાં સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈ પણ વ્યક્તિને આ અધિકારથી વંચિત કરી શકાય નહીં. કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયા વાજબી અને ન્યાયી હોવી જોઈએ.

**વિશેષ**

### ધોળકા ખાતે ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન ૨૦૨૫’ યોજાયું

# આરોગ્યવર્ધક ખેતપેદાશોનું ચલણ રોજિંદા જીવનમાં વધારવું જોઈએ : પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## લાભાર્થીઓને રોટાવેટર, સ્માર્ટફોન અને વોટર કેરિંગ જેવાં સાધનો માટેની પૂર્વમંજૂરી અને પેમેન્ટનું વિતરણ







। (માહિતી) અમદાવાદ ।

ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ દ્વારા ધોળકામાં કેડિલા પરિસર ખાતે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી અને પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-કૃષિ પ્રદર્શન-૨૦૨૫’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીએ પ્રાકૃતિક ખેતી પર વાત કરતા કહ્યું હતું કે, ભૂતકાળમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાનુ ચલણ હતું, પરંતુ હાલમાં ગાય આધારિત ખેતી એ જ આપણા સૌનું સારા સ્વાસ્થ્ય સાથેનું ભવિષ્ય છે. હાલમાં ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધ્યો છે ત્યારે સૌ કોઈએ પ્રાકૃતિક ખેતીને અપનાવવી જોઈએ. પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અધ્યથીય પ્રવચનમાં કહ્યું હતું કે, રાસાયણિક ખાતરના ઉપયોગથી હાલમાં કેન્સર જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે ત્યારે પ્રાકૃતિક ખેતી અપનાવીને પોતાના આરોગ્ય અને સ્વાસ્થને બચાવવું જોઈએ. ગાય આધારિત ખેતી કરી પાક અને ઉત્પાદનમાં વધારો કરવાની સાથે વધારેમાં વધારે લોકોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ. રાજ્યના ૯ લાખ કરતાં વધારે ખેડૂતો જ્યારે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે ત્યારે આ ખેડૂતોના ખેતઉત્પાદનો વધુમાં વધુ માત્રામાં ખરીદીને આપણે સૌએ આરોગ્યવર્ધક ખેતપેદાશોનું ચલણ રોજિંદા જીવનમાં વધારવું જોઈએ. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને રોટાવેટર, સ્માર્ટફોન અને વોટર કેરિંગ જેવાં સાધનો માટેની પૂર્વમંજૂરી અને પેમેન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, તાલુકા કક્ષાએ વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત ‘બેસ્ટ આત્મા ફાર્મર્સ’ એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશમાં પ્રાકૃતિક કૃષિ થકી ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ ઉન્નત બને અને તેમના થકી રાજ્યના પ્રત્યેક નાગરિકોનું આરોગ્ય સ્વસ્થ અને તંદુરસ્ત બને તે માટે વિશેષ પ્રયત્નોના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના ખેડુતોને ગુણવત્તાયુક્ત ઉત્પાદન સહ ઉત્પાદકનાથી લઈ મૂલ્યવર્ધન, માર્કેટિંગ તેમજ સર્ટિફિકેશન જેવી સંલગ્ન બાબતોનો સમાવેશ કરી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ થકી ‘પ્રાકૃતિક કૃષિ મેળા કમ પ્રદર્શન’નુ યોજાયુ હતું. આ કાર્યક્રમમાં કેડિલા કંપનીના સીઓઓ શ્રી અમિતભાઈ દોશી, આત્માના પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી કે.કે. પટેલ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, રાજકીય અગ્રણી શ્રી વિપુલભાઈ પરમાર અને શ્રી દિગ્વિજયસિંહ, ઉપરાંત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

International Kite Festival 2025
11 થી 14 જાન્યુઆરી, 2025

**11 થી 14 જાન્યુઆરી, 2025**



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## પતંગોથી શણગારેલું આકાશ

પ્રતિવર્ષે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ગુજરાતના આકાશને એક અદ્વિતીય જીવંત ઉત્સવમાં પરિવર્તિત કરી દે છે. આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને 47 દેશની કલાત્મક રચનાઓની સાથે 143 આંતરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરશે, જે તમે ક્યારેય નહીં જોયું હોય. ગુજરાત માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ અહીં વિભિન્ન સંસ્કૃતિઓ અને હૃદયનો મેળાપ થાય છે સાથે જ સમગ્ર આકાશ જીવંત બની જાય છે.

ઉદ્‌ઘાટક
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત

**11 જાન્યુઆરી, 2025 | સવારે 9.00 વાગે**
**વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ**



## ઉજવણીનાં સ્થળો

| અમદાવાદ | SOU- એકતાનગર | રાજકોટ | વડોદરા | સુરત | શિવરાજપુર | ધોરડો |
|---|---|---|---|---|---|---|
| 11-14 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 |
| વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ | ડેમ વ્યૂ પૉઇન્ટ-3, SoU, એકતાનગર | ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ ગ્રાઉન્ડ, ડૉ. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ સ્ટેશન પાસે | નવલખી ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ | રિવરફ્રન્ટની પાછળ, રિવર હાઇટ્સ અપાર્ટમેન્ટની સામે, BAPS મંદિરની સામેની ગલી, અડાજણ | શિવરાજપુર બીચ, શિવરાજપુર, તાલુકો દ્વારકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા | સાંસ્કૃતિક મંચ પાસે, સફેદ રણ |

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉધોગ ભવન, બ્લૉક નં. 16, ચોથો માળ, સેક્ટર 11, ગાંધીનગર – 382010, ગુજરાત
www.gujarattourism.com • ટોલ ફ્રી નંબરઃ 1800 203 1111

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની મુલાકાત માટે QR સ્કેન કરો